


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 010
Dt.: 14-11-2025, Friday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### તપાસ એજન્સીઓએ મહત્ત્વપૂર્ણ માહિતીનો પર્દાફાશ કર્યો

# દિલ્હી જ નહીં ચાર મોટા શહેરોમાં સિરિયલ બોમ્બ બ્લાસ્ટનો હતો પ્લાન

## દિલ્હીમાં થયેલા વિસ્ફોટની તપાસમાં NIA એ ડૉ. મુઝમ્મિલને એમોનિયમ નાઈટ્રેટ સપ્લાય કરનાર નુહથી દિનેશ ઉર્ફે ડબ્બુ સિંગલાની અટકાયત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીમાં લાલ કિલ્લા નજીક થયેલા કાર બોમ્બ વિસ્ફોટ કેસની તપાસમાં સતત મોટા ઘટસ્ફોટ થઈ રહ્યા છે. અહેવાલોમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે, તપાસ એજન્સીઓએ મહત્ત્વપૂર્ણ માહિતીનો પર્દાફાશ કર્યો છે. આતંકીઓની યોજના માત્ર દિલ્હી જ નહીં પરંતુ અન્ય ચાર શહેરોમાં આતંક મચાવવાની હતી. લગભગ આઠ શંકાસ્પદ આતંકીઓએ ચાર શહેરોમાં સિરિયલ બ્લાસ્ટ કરવાનો પ્લાન હતો.

અહેવાલો અનુસાર, આ આઠ શંકાસ્પદોએ ચાર અલગ અલગ શહેરોમાં હુમલો કરવાની યોજના બનાવી હતી. આ હેતુ માટે ચાર ગ્રૂપ બનાવવામાં આવ્યા હતા, જેમાં દરેકમાં બે સભ્યો હતા. દરેક ગ્રૂપ પાસે અનેક ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (IED) વહન કરવાના હતા. બધી ટીમો ચાર શહેરોમાં એક સાથે બોમ્બ વિસ્ફોટ કરવાના હતા. સુરક્ષા એજન્સીઓ હવે આ શંકાસ્પદોની પ્રવૃત્તિઓ અને નેટવર્કની તપાસ કરી રહી છે. ૧૦મી નવેમ્બરે દિલ્હીના લાલ કિલ્લા નજીક થયેલા કાર બ્લાસ્ટ મામલે પોલીસ અને ફોરેન્સિક ટીમે પુષ્ટિ કરી છે કે હ્યુન્ડાઈ i20 કારમાં વિસ્ફોટક હતો અને તે કારમાં આતંકી ડૉક્ટર ઉમર નબી ઉર્ફે ઉમર મોહમ્મદ જ સવાર હતો. કારના કાટમાળ પર મળેલા DNAના આધારે આતંકી ઉમર નબીની પુષ્ટિ થઈ છે, તેના સેમ્પલ તેના પરિવાર સાથે ૧૦૦ ટકા મેચ થયા છે. જે બાદ હવે સ્પષ્ટ થઈ ગયું છે કે આ બ્લાસ્ટ ઉમર નબીએ જ કર્યો હતો જેના કારણે ૧૨ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યો જ્યારે ૨૦ ઈજાગ્રસ્ત થયા.

દિલ્હીના લાલ કિલ્લા નજીક થયેલા વિસ્ફોટની તપાસને વધુ તીવ્ર બનાવવા માટે રાષ્ટ્રીય તપાસ એજન્સીની એક ટીમ નુહ (મેવાત) પહોંચી છે. તપાસ એજન્સીએ ફરીદાબાદમાં ધરપકડ કરાયેલા ડૉ. મુઝમ્મિલને વિસ્ફોટકો પૂરા પાડવાના આરોપસર પિંગવાન શહેરના એક ખાતર અને બીજ વેપારીની અટકાયત કરી છે, જેની ઓળખ દિનેશ ઉર્ફે ડબ્બુ સિંગલાના નામથી થઈ છે. આ કાર્યવાહીથી સમગ્ર વિસ્તારમાં ભય ફેલાયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, દિનેશ ઉર્ફે ડબ્બુ સિંગલા અનેક ધાર્મિક અને સામાજિક સંગઠનો સાથે સંકળાયેલો છે. વધુ નફાની લાલચમાં, તેણે અત્યાર સુધીમાં આશરે ૩૦૦ કિલોગ્રામ એમોનિયમ નાઈટ્રેટ સપ્લાય કર્યું છે, જે વિસ્ફોટકો બનાવવામાં વપરાતી મુખ્ય વસ્તુ માનવામાં આવી રહી છે. દિનેશ ઉર્ફે ડબ્બુ સિંગલાનું મૂળ ગામ શિકારવા છે, અને તે લગભગ ૨૦-૩૦ વર્ષથી પિંગવાન શહેરમાં રહે છે. આ ઘટના બાદ, પરિવાર ભયમાં છે અને મીડિયાથી સંપૂર્ણ અંતર જાળવી રહ્યો છે અને બોલવાનું ટાળી રહ્યો છે. સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે, જ્યારે NIA ટીમ સમગ્ર જિલ્લામાં દરોડા પાડી રહી હોવાના અહેવાલ છે. વધુમાં, ગુપ્તચર એજન્સીઓ હાઈ એલર્ટ પર છે. જિલ્લામાં NGO દ્વારા કાર્યરત સંસ્થાઓમાં પણ તપાસ શરૂ કરવામાં આવી છે. મેવાતમાં ખાતર, બીજ વેચનારાઓમાં ભયનો માહોલ ફેલાયો છે, કારણ કે NIA ટીમ તમામ શંકાસ્પદ સપ્લાયર્સની તપાસ કરી રહી છે. તપાસ આગળ વધતાં વધુ ધરપકડ થવાની ધારણા છે.

ઉલ્લેખનીય છે કે, ફરીદાબાદની અલ ફલાહ યુનિવર્સિટીના ડૉ. મુઝમ્મિલની ૩ હજાર કિલો વિસ્ફોટકો સાથે ધરપકડ કરવામાં આવી છે અને એવું કહેવામાં આવી રહ્યું છે કે, તેમણે આ વિસ્ફોટક એમોનિયમ નાઈટ્રેટ નુહમાંથી ખરીદ્યું હતું.

### તુર્કમાન ગેટ પાસેની એક મસ્જિદમાં જોવા મળ્યો

# દિલ્હી બ્લાસ્ટના આતંકવાદી ડો. ઉમરનો નવો ફોટો આવ્યો સામે

**આ ફોટો દિલ્હીમાં થયેલા વિસ્ફોટના થોડા સમય પહેલાનો છે : ઉમરે એક મસ્જિદની મુલાકાત લીધી હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

૧૦ નવેમ્બરની સાંજે દિલ્હીમાં લાલ કિલ્લા પાસે ચાલતી કારમાં આતંકવાદી બોમ્બ વિસ્ફોટ થયો હતો. અત્યાર સુધીમાં ૧૨ લોકોના મોત થયા છે અને ૨૪થી વધુ લોકો ઘાયલ થયા છે. આ કાર આતંકવાદી ડૉ. ઉમર ચલાવી રહ્યો હતો, જેનું પણ આ વિસ્ફોટમાં મોત થયું હતું.

વિસ્ફોટ પહેલા ઉમર ઘણા કલાકો સુધી લાલ કિલ્લાના પાર્કિંગમાં ઊભો રહ્યો હતો. પાર્કિંગ લોટના ગેટ પરના સીસીટીવી કેમેરામાં માસ્ક પહેરેલા ઉમરનો ફોટો કેદ થયો હતો. હવે, ઉમરનો નવો ફોટો સામે આવ્યો છે. દિલ્હી કાર બ્લાસ્ટનો માસ્ટરમાઈન્ડ ડૉ. ઉમર વિસ્ફોટ પહેલા તુર્કમાન ગેટ પાસેની એક મસ્જિદમાં જોવા મળ્યો હતો. ડૉ. ઉમરે સુનહેરી મસ્જિદ પાર્કિંગમાં પોતાની કાર પાર્ક કરી અને કમલા માર્કેટ મસ્જિદમાં ગયો. એવું જાણવા મળ્યું હતું કે ઉમર ૧૦ મિનિટ ત્યાં રોકાયો હતો.

દિલ્હી પોલીસે પણ CCTV ફૂટેજમાં દેખાતી તસવીરની પુષ્ટિ કરી છે. આરોપી ઉમર ઉન નબી, લાલ કિલ્લા પાસેની તુર્કમાન ગેટ મસ્જિદમાં હતો. ૧૦ નવેમ્બરના રો લાલ કિલ્લા પાસે ટ્રાફિકમાં એક i20 કાર ચાલી રહી હતી. મોડી સાંજે એક વિસ્ફોટ થયો. વિસ્ફોટમાં ૧૨ લોકો માર્યા ગયા છે, અને ૨૪થી વધુ ઘાયલ થયા છે. ગૃહ મંત્રાલયે કેસની તપાસ NIAને સોંપી દીધી છે.

માહિતી અનુસાર, પોલીસે આરોપીઓ, ઉમર અને મુઝમ્મિલની ડાયરીઓ કબજે કરી છે. તેમાં ૮ નવેમ્બરથી ૧૨ નવેમ્બર સુધીની તારીખો લખેલી મળી આવી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે ડાયરીઓમાં ફરિદાબાદ અને જમ્મુ અને કાશ્મીરના રહેવાસી આશરે ૨૫ લોકોના નામ હતા. પોલીસ અને તપાસ એજન્સીઓ આ નામોની ઓળખ કરવા માટે કામ કરી રહી છે.

### ચૂંટણીના બંને તબક્કામાં ભારે મતદાન થયું

# બિહારમાં બંને તબક્કાનું મતદાન પૂર્ણ થયા બાદ આજે પરિણામ

## RJDના MLCના વિવાદિત નિવેદનને ફરિયાદ નોંધાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા,

બિહારમાં બંને તબક્કાનું મતદાન પૂર્ણ થયા બાદ આવતીકાલે (૧૪ નવેમ્બર) પરિણામ જાહેર થશે. બિહાર વિધાનસભા ચૂંટણીના બંને તબક્કામાં ભારે મતદાન થયું. વિધાનસભાની કુલ ૨૪૩ બેઠકો માટે કુલ ૬૬.૯૧ ટકા મતદાન થયું. ત્યારે હવે RJDના MLCના વિવાદિત નિવેદનને લઈને તેમના વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે.

બિહાર વિધાનસભા ચૂંટણીના પરિણામોને લઈને વિવાદિત નિવેદન આપવા અંગે લાલુ યાદવ અને તેજસ્વી યાદવની પાર્ટી RJDના MLC સુનીલ કુમાર સિંહ ફસાયા છે. બિહાર પોલીસ વડા (DGP) વિનય કુમારે સુનીલ સિંહ પર FIRના આદેશ આપ્યા છે.

સુનીલ સિંહે ગુરુવારે પોતાના નિવેદનમાં કહ્યું હતું કે, ૨૦૨૦માં ચાર-ચાર કલાક મતગણતરી અટકાવી દેવાઈ હતી. જો બિહાર ચૂંટણીની મતગણતરી દરમિયાન જો કોઈ હેરાફેરી કરવામાં આવી તો બિહારના રોડ પર પણ એ જ દૃશ્ય જોવા મળશે જે નેપાળ, બાંગ્લાદેશ અને શ્રીલંકામાં જોવા મળ્યું હતું. ત્યાં જે પ્રકારની સત્તાના વિરોધમાં લહેર ઉઠી એવી સ્થિતિ બની જશે. પરિસ્થિતિ પર કાબૂ મેળવવું મુશ્કેલ થશે. સરકારમાં સામેલ લોકો ગડબડી કરી શકે છે. આ વખતે એવું કર્યું તો મોંઘું પડશે.

સુનીલ કુમાર સિંહે એક્ઝિટ પોલ પર સવાલ ઉઠાવતા કહ્યું કે, મતદારો મત માટે લાઈનમાં લાગ્યા હતા અને એક્ઝિટ પોલ આવવા લાગ્યા. ૪ કરોડ ૯૮ લાખ મત અપાયા પછી ૫૦થી ઓછી બેઠક RJDને કેવી રીતે મળી રહી? બિહારના લોકો ચિંતિત છે કે મત ગઠબંધનને મળી રહ્યા છે તો NDAને જીત કેમ? એક્ઝિટ પોલ ષડયંત્ર છે. જોકે, RJD નેતા પોતાના નિવેદન પર અડગ છે. તેમણે ખાનગી ન્યૂઝ એજન્સી સાથે વાત કરતાં કહ્યું કે, મેં એવું ક્યારેય નથી કહ્યું. લોકો પોત-પોતાની રીતે નિવેદન રજૂ કરી રહ્યા છે. મેં કહ્યું હતું કે હાલની સરકાર દ્વારા ખોટી રીતે અમારા જીતેલા ઉમેદવારોને હરાવાયા તો આ સહન નહીં કરવામાં આવે. જનતા સંપૂર્ણ રીતે જાગૃત છે. જનતા રોડ પર આવવા માટે તૈયાર છે અને જે રાજ્યમાં તે સમયે થશે તે અદ્ભુત હશે, કોઈ તેને સંભાળી નહીં શકે.

### આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા નાણાંના સ્ત્રોતની તપાસ

# આવકવેરા ખાતું પણ હવેથી AIની મદદથી બેન્ક ખાતાં પર નજર રાખશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આયકર વિભાગ AI-આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદ લઈને હવે બેન્ક ખાતાંઓ પર નજર રાખી રહી છે. બેન્કના બચત બેન્ક ખાતાંમાં અસામાન્ય રીતે ઊંચું બેલેન્સ જોવા મળશે તો પણ કરદાતાની પૂછપરછ કરે તેવી સંભાવના છે. જો તમારા સેવિંગ્સ એકાઉન્ટમાં ખર્ચ ઓછો હોવા છતાં વધારે સિલક-બેલેન્સ દેખાય તો પણ આવકવેરા વિભાગ તમારા નાણાંના સ્ત્રોત અંગે સ્પષ્ટતા માંગે તેવી શક્યતા છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત ટ્રેકિંગથી વિભાગે ઘણા કિસ્સાઓ શોધી કાઢ્યા છે જેમાં વ્યક્તિઓએ અજાણ્યા સ્ત્રોતમાંથી મળેલા નાણાં વાપર્યા હોવાનું બહાર આવ્યું છે.

જો પગારના ખાતાંમાંથી તમારા ખર્ચા ઓછા થતા હોય અને તમારા સેવિંગ્સ એકાઉન્ટમાં ઊંચુ બેલેન્સ છે, તો આવકવેરા વિભાગ તમારા નાણાં ક્યાંથી આવ્યા તેની પૂછપરછ કરી શકે છે. છેલ્લા કેટલાક મહિનાઓમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી અનેક કિસ્સાઓ પકડી આવકવેરા વિભાગને પકડી પાડવામાં સફળતા મળી હોવાનું જાણવા મળી રહ્યું છે. આ પ્રકારના કિસ્સાઓમાં વ્યક્તિઓએ મોટી રકમ બેન્કમાં જમા કરી હતી પણ ખર્ચ માટે ખૂબ જ ઓછા નાણાંનો ઉપાડ કર્યો હતો. આવકવેરા વિભાગે તપાસ અને ડેટા એનાલિસિસ- એકત્રિત થયેલી માહિતીનું વિશ્લેષણ કર્યું તેના પરથી જાણવા મળ્યું છે કે ઘણા ખાતાંધારકો વર્ષોથી પગારના ખાતાંમાંથી માત્ર નાની રકમ જ ઉપાડતા હતા. જ્યારે નોટિસ મોકલવામાં આવી, ત્યારે ઘણા લોકોએ રોજિંદા ખર્ચ, બાળકોની ફી અને અન્ય જરૂરિયાતો માટે પૈસા ક્યાંથી આવ્યા તે સમજાવી શક્યા ન હતા. બેન્કના રેકોર્ડ મુજબ આવા ખાતાઓમાંથી રોકડ ઉપાડ ખૂબ ઓછી હતી. પરિણામે આવકવેરા અધિકારીઓએ માની લીધું હતું કે આ પ્રકારના કરદાતાઓ ગુપ્ત કે અઘોષિત આવકનો ઉપયોગ રોજિંદા ખર્ચ કરવા માટે કરી રહ્યા હતા. આ નાણાં તેમની આવકમાં બતાવતા જ નહોતા. આમ તેઓ જાહેર ન કરેલી આવકના નાણાંનો એટલે કે બ્લેક મનીનો ઉપયોગ કરી રહ્યા હતા. આવકવેરા વિભાગે આવા કિસ્સાઓમાં કરચોરીની સંભાવના માનીને નોટિસ મોકલવા માંડી છે.

આવકવેરના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે પહેલેથી આ પ્રકારની કરચોરીની પદ્ધતિ વેપારી વર્ગમાં વધુ જોવા મળતી હતી. તેમાં વ્યક્તિગત ખર્ચને કંપનીના ખર્ચ તરીકે બતાવવામાં આવતો હતો. પરંતુ હવે આ રીત પગારદાર કરદાતાઓ પણ અપનાવી રહ્યા હોવાનું જોવા મળી રહ્યું છે. ઉદાહરણ આપીને વાત કરીએ તો એક કરદાતા મહિનાનો પગાર મેળવે છે. તેની સાથે ભાડે આપેલા ઘરના ભાડાંની આવક પણ ધરાવે છે. આ કરદાતા ભાડું રોકડેથી લઈને તેના આવકવેરાના રિટર્નમાં ભાડાંની આવક બતાવતો જ નથી. આવકવેરાના કાયદા હેઠળ ભાડાંની આવક જાહેર કરવી ફરજિયાત છે. આવકવેરા ખાતાના સૂત્રોનું કહેવું છે કેઆવકવેરા વિભાગ હવે આવા સેવિંગ્સ એકાઉન્ટ્સ પર નજર રાખવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરી રહ્યો છે. આર્ટિફિશિયલ જોડાયેલા વર્ષભરના નાણાકીય વ્યવહારોનું વિશ્લેષણ કરે જ છે.

### દિલ્હી બ્લાસ્ટ મામલે કોંગ્રેસના કેન્દ્રને સવાલ

# અમે સરકારની સાથે, પરંતુ નિષ્ફળતા પાછળ કોણ જવાબદાર : પવન ખેડા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોંગ્રેસના મીડિયા પ્રભારી અને AICC મીડિયા તથા પબ્લિસિટી વિભાગના ચેરમેન પવન ખેડાએ રાજધાની દિલ્હીમાં લાલ કિલ્લા પાસે થયેલા વિસ્ફોટ બાદ સરકારના વલણ પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે.

તેમણે જણાવ્યું કે સંસદ અને રાષ્ટ્રપતિ ભવનની નજીક થયેલા આ વિસ્ફોટમાં ૧૩ લોકોના મોત થયા છે અને સરકારને આ ઘટનાને આતંકી હુમલો જાહેર કરવામાં ૪૮ કલાક લાગ્યા જે આશ્ચર્યજનક છે.

પવન ખેડાએ સવાલ ઉઠાવ્યો કે, ગૃહમંત્રી અમિત શાહ, અજીત ડોભાલ અને સુરક્ષા એજન્સીઓની કડક નજર હોવા છતાં, ફરીદાબાદમાં ૨૯૦૦ કિલો વિસ્ફોટક સામગ્રી કેવી રીતે પહોંચી ગઈ અને લાલ કિલ્લા પાસે થયેલા ધમાકાની જવાબદારી કોણ લેશે? ખાસ કરીને જ્યારે પુલવામા હુમલામાં ઈંધણ કેવી રીતે પહોંચ્યું તેનો જવાબ પણ આજ સુધી મળ્યો નથી. પવન ખેડાએ આ મામલે પૂછ્યું કે, આ વિસ્ફોટ કેવી રીતે થયો, કયા સ્તરે નિષ્ફળતા થઈ અને તેની જવાબદારી કોણ લેશે? આ ગંભીર મુદ્દાને ધ્યાનમાં રાખીને કોંગ્રેસે વડાપ્રધાનની અધ્યક્ષતામાં સર્વપક્ષીય બેઠક બોલાવવાની અને સંસદનું સત્ર વહેલી તકે બોલાવવાની માંગ કરી છે, તેમજ સરકાર મજબૂત વલણ અપનાવે તો તેમને સમર્થન આપવાની વાત પણ કરી છે. અંતમાં, તેમણે પહલગામ બાદ ઓપરેશન સિંદૂર વખતે અપાયેલા વડાપ્રધાનના નિવેદનને યાદ અપાવતા પૂછ્યું કે, સરકાર આ હુમલાને કઈ રીતે જોઈ રહી છે, કારણ કે આ હુમલાને બાહ્ય તાકાતો દ્વારા સમર્થન અને પ્રેરણા મળી રહી છે.

# પૂર્વ CMના પુત્રની કરોડોની સંપત્તિ જપ્ત કરવામાં આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે (ED) છત્તીસગઢના કથિત લિકર કૌભાંડની ચાલી રહેલી તપાસમાં મોટી કાર્યવાહી કરી છે. એજન્સીએ મની લોન્ડરિંગ જોગવાઈઓ હેઠળ પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલના પુત્ર ચૈતન્ય બઘેલની ૬૧.૨૦ કરોડ રૂપિયાની સંપત્તિ અસ્થાયી રૂપે જપ્ત કરી છે. ઈડીએ આ મામલે ૫૯.૯૬ કરોડ રૂપિયાની કિંમતના ૩૬૪ રહેણાંક પ્લોટ અને કૃષિ જમીન તેમજ ૧.૨૪ કરોડ રૂપિયા બેંક બેલેન્સ અને ફિક્સ્ડ ડિપોઝિટ જપ્ત કરી છે. ઈડીએ કહ્યું કે, આ પગલું છત્તીસગઢમાં કથિત લિકર કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસોની તપાસ દરમિયાન લેવામાં આવ્યું છે. એજન્સીનું માનવું છે કે, આ કૌભાંડ દ્વારા ૨૫૦૦ કરોડ રૂપિયાની અપરાધની આવક એકઠી કરવામાં આવી હતી. ઈડીની તપાસમાં બહાર આવ્યું છે કે, પૂર્વ મુખ્યમંત્રીના પુત્ર હોવાના કારણે ચૈતન્ય બઘેલ લિકર સિન્ડિકેટના ટોચના સ્થાને હતો. ચૈતન્યને લિકર સિન્ડિકેટના નિયંત્રક અને અંતિમ અધિકારી બનાવાયો હતો. ઈડીએ દાવો કર્યો છે કે, ચૈતન્ય સિન્ડિકેટ દ્વારા એકઠા કરાયેલા તમામ ગેરકાયદે નાણાંનો હિસાબ રાખતો હતો.ઈડીને એ પણ જાણવા મળ્યું છે કે, ચૈતન્યએ આ બ્લેક મનીને વ્હાઈટ મની બતાવવા માટે રિયલ એસ્ટેટથી થયેલી આવક દર્શાવવાનો પ્રયાસ કર્યો હતો.

### ISISના ૧૦ એજન્ટને પોલીસે દબોચ્યા

# પંજાબમાં આતંકવાદી મૉડ્યૂલનો ભાંડાફોડ થયો

## ૧૦ એજન્ટ પાકિસ્તાન સ્થિત હેન્ડલર્સના સંપર્કમાં હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)ચંદીગઢ

પંજાબ પોલીસને આજે આતંકવાદ વિરોધી કાર્યવાહીમાં એક મોટી સફળતા મળી છે. લુધિયાણા કમિશનરેટ પોલીસે પાકિસ્તાનની ઈન્ટર-સર્વિસિસ ઈન્ટેલિજન્સ (ISI) દ્વારા સમર્થિત હોવાનું કહેવાતા ગ્રેનેડ-હુમલાના મૉડ્યૂલના ૧૦ એજન્ટની ધરપકડ કરી છે.

ડીજીપી (DGP) પંજાબ પોલીસની X પોસ્ટ અનુસાર, 'આ મૉડ્યૂલને પંજાબના ગીચ વસ્તીવાળા વિસ્તારમાં ગ્રેનેડ હુમલો કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી.

પોલીસની પ્રાથમિક તપાસ અનુસાર ધરપકડ કરાયેલા આ ૧૦ એજન્ટ પાકિસ્તાન સ્થિત હેન્ડલર્સના સંપર્કમાં હતા અને ગ્રેનેડ લેવા તથા પહોંચાડવાના સંકલન માટે મલેશિયા સ્થિત ત્રણ ઓપરેટિવ્સ મારફતે વાતચીત કરતા હતા.'

આતંકવાદી મૉડ્યૂલને નિશાન બનાવીને દેશભરમાં ચાલી રહેલા આતંકવાદ વિરોધી અભિયાનોની શ્રેણીમાં આ તાજેતરની કાર્યવાહી છે. જોકે, હથિયારોની જપ્તી અને હેન્ડલર્સની ઓળખની સંપૂર્ણ વિગતો હજી જાહેર કરવાની બાકી છે, પરંતુ અધિકારીઓએ જણાવ્યું કે ગુપ્ત માહિતી આધારિત આ રેડને કારણે એક સંભવિત જીવલેણ હુમલો નિષ્ફળ ગયો છે.

આ ઘટના દિલ્હીના લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન નજીક થયેલા કાર બ્લાસ્ટના ગણતરીના દિવસોમાં બની છે, જેમાં ૧૩ લોકોના જીવ ગયા હતા.




# તંત્રી લેખ......

## સુરક્ષા દળો અને ગુપ્તચર એજન્સીઓની સાથે, જનતાએ પણ સતર્ક રહેવું જોઈએ

જમ્મુ અને કાશ્મીર સિવાય, દેશનો બાકીનો ભાગ છેલ્લા દાયકાથી આતંકવાદી હુમલાઓથી વર્ચ્યુઅલ રીતે મુક્ત રહ્યો છે. જો કે, દિલ્હીમાં લાલ કિલ્લા પાસે થયેલા કાર બોમ્બ વિસ્ફોટે ફરી એકવાર ભૂતકાળની યાદો તાજી કરી દીધી છે, જ્યારે એક કે શ્રેણીબદ્ધ વિસ્ફોટો નિયમિત અંતરાલે દેશને હચમચાવી નાખતા હતા. દેશના બાકીના ભાગમાં કોઈ મોટી આતંકવાદી ઘટનાઓની ગેરહાજરીએ જનતાને ખાતરી આપી હતી કે આતંકવાદીઓ હવે હુમલાઓ કરી શકશે નહીં. જોકે, તાજેતરમાં કાશ્મીર ખીણથી ઉત્તર પ્રદેશના સહારનપુર, હરિયાણાના ફરીદાબાદ, ગુજરાત અને દિલ્હી સુધી વિનાશક સામગ્રી જપ્ત અને શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડથી તેમની ચિંતાઓ ફરી વધી ગઈ છે.એ વાતને અવગણી શકાય નહીં કે છેલ્લા કેટલાક સમયથી દેશના વિવિધ ભાગોમાંથી એક અથવા બીજા આતંકવાદી મોડ્યુલની ધરપકડના સમાચાર આવી રહ્યા છે. તાજેતરમાં, ગુજરાતમાં, હૈદરાબાદના એક ડૉક્ટરને ઘાતક રસાયણો બનાવવા માટે સામગ્રી અને શસ્ત્રો સાથે પકડવામાં આવ્યો હતો. તેના બે સાથીઓ, બંને ઉત્તર પ્રદેશના હતા, તેમની પણ ધરપકડ કરવામાં આવી હતી. આ વર્ષે એપ્રિલમાં, જ્યારે આતંકવાદીઓએ જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં ૨૬ લોકોની હત્યા કરી હતી, ત્યારે ભારતે ઓપરેશન સિંદૂર સાથે પ્રતિક્રિયા આપી હતી, જે સરહદ પારના આતંકવાદ માટે અત્યાર સુધીનો સૌથી મોટો ફટકો હતો, જેમાં પાકિસ્તાન સ્થિત જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબા જેવા આતંકવાદી જૂથોના મુખ્ય ઠેકાણાઓનો નાશ કરવામાં આવ્યો હતો. તેઓ ચોક્કસપણે ત્યારથી મોટા બદલો લેવાના હુમલાનું કાવતરું ઘડી રહ્યા હશે. લાલ કિલ્લા પર થયેલા વિસ્ફોટની રીત અને અત્યાર સુધી બહાર આવેલી કાવતરાની વાર્તા છ વર્ષ પહેલાં પુલવામામાં થયેલા જેહાદી આતંકવાદી હુમલા સાથે જોડાયેલી કડી સૂચવે છે. તપાસ પછી જ સંપૂર્ણ સત્ય બહાર આવશે, પરંતુ તેની પાછળની ઘટનાઓ એકબીજા સાથે જોડાયેલી લાગે છે. શ્રીનગરમાં જૈશ-એ-મોહમ્મદના સમર્થનમાં પોસ્ટરો લગાવ્યા બાદ, પોલીસે કેટલાક આતંકવાદી સહાનુભૂતિ ધરાવતા અને પથ્થરમારો કરનારાઓની ધરપકડ કરી. તેમણે શંકાસ્પદ પ્રવૃત્તિઓમાં સામેલ એક મૌલવીની ઓળખ કરી. તેની પૂછપરછ કર્યા પછી, અનંતનાગના રહેવાસી ડૉ. આદિલની ઉત્તર પ્રદેશના સહારનપુરથી ધરપકડ કરવામાં આવી. જ્યારે પોલીસે તેમને શ્રીનગર લાવીને પૂછપરછ કરી, ત્યારે અનંતનાગની સરકારી હોસ્પિટલમાં તેમના છુપાયેલા સ્થાન પરથી એક એસોલ્ટ રાઈફલ મળી આવી. વધુ તપાસમાં પુલવામા જિલ્લાના રહેવાસી ડૉ. મુઝમ્મિલ મળી આવ્યા.આ માહિતીના આધારે, પોલીસે ફરીદાબાદના ધૌજમાં અલ ફલાહ મેડિકલ કોલેજ પર દરોડો પાડ્યો અને ૩૬૦ કિલોગ્રામ વિસ્ફોટકો, એક છદ્ભ-૪૭ રાઈફલ, ૮૪ કારતૂસ, એક ટાઈમર, જિલેટીન લાકડીઓ અને અન્ય સામગ્રી જપ્ત કરી. ત્યારબાદ તપાસ પોલીસને ફરીદાબાદના ફતેહપુર તાગા ગામ લઈ ગઈ, જ્યાં એક ઘરમાં વિસ્ફોટકોનો ઢગલો જોઈને તેઓ ચોંકી ગયા. ફતેહપુર તાગા ગામ ધૌજથી ચાર કિલોમીટર દૂર છે. ડૉ. મુઝમ્મિલે આ ઘર મૌલાના ઈશ્તિયાક પાસેથી ભાડે લીધું હતું. આશરે ૩,૦૦૦ કિલો એમોનિયમ નાઈટ્રેટ વિસ્ફોટકોની જપ્તી એ સૌથી મોટી જપ્તીઓમાંની એક છે. આ કેસમાં અત્યાર સુધીમાં ધરપકડ કરાયેલા લોકો ઉચ્ચ શિક્ષિત અને સમૃદ્ધ પરિવારોમાંથી છે. ડૉ. મુઝમ્મિલ એક ચિકિત્સક છે અને ફરીદાબાદની અલ ફલાહ મેડિકલ કોલેજમાં ભણાવે છે. ધરપકડ કરાયેલા કોઈપણ - શોપિયાના મૌલવી ઈરફાન અહેમદ, મકસૂદ અહેમદ ડાર, આરિફ નિસાર ડાર અને શ્રીનગરના યાસીર ઉલ અશરફ અને ગાંદરબલના ઝમીર અહેમદ અહાંગર - ગરીબ, બેરોજગાર કે અભણ નથી. લાલ કિલ્લા વિસ્ફોટમાં માર્યા ગયેલા ડૉ. ઉમર નબી, ફરીદાબાદની અલ ફલાહ મેડિકલ કોલેજમાં એમડી મેડિસિન ડિગ્રી ધરાવતા ડૉક્ટર હતા. ડૉ. આદિલ તેમના સાથી છે. તેમના એક સાથી, ડૉ. શાહીન, લખનૌના છે. તેમની કારમાંથી એક રાઈફલ મળી આવી હતી. ફરીદાબાદ મોડ્યુલમાં ઘણા અન્ય ડૉક્ટરો સામેલ હોઈ શકે છે. તપાસ પછી જ ખબર પડશે કે તેઓએ આ આતંકવાદી મોડ્યુલ કેમ બનાવ્યું.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોના-ચાંદીના વાયદામાં વણથંભી તેજીઃ સોનાનો વાયદો રૂ.૯૮૪ અને ચાંદીનો વાયદો રૂ.૧૭૭૯ ઊછળ્યો

### ક્રૂડ તેલના વાયદામાં રૂ.૨૯નો સુધારોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૪૫૬૮.૯૪ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૯૪૫૯૨.૧૩ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૩૯૩૫૭.૧૭ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૦૩૭૦ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૩૯૧૭૩.૦૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૪૫૬૮.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૯૪૫૯૨.૧૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.૧૦.૯૬ કરોડ અને ઈન્ડેક્સ ઓપ્શન્સમાં રૂ.૧.૦૨ કરોડનાં કામકાજ થયાં હતાં. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ નવેમ્બર વાયદો ૩૦૩૭૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૭૭૪.૩૫ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૩૯૩૫૭.૧૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૬૩૪૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૭૭૯૮ અને નીચામાં રૂ.૧૨૬૩૩૭ના મથાળે અથડાઈ, રૂ.૧૨૬૪૬૫ના આગલા બંધ સામે રૂ.૯૮૪ વધી રૂ.૧૨૭૪૪૯ થયો હતો. ગોલ્ડ-ગિની નવેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૮૧૦ વધી રૂ.૧૦૨૬૮૦ થયો હતો. ગોલ્ડ-પેટલ નવેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૦૮ વધી રૂ.૧૨૮૫૧ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૦૭ વધી રૂ.૧૨૭૩૭૦ થયો હતો. ગોલ્ડ-ટેન નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૬૭૬૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૭૮૭૫ અને નીચામાં રૂ.૧૨૬૦૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૨૬૬૦૩ના આગલા બંધ સામે રૂ.૯૮૭ વધી રૂ.૧૨૭૫૯૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૬૩૫૯૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૫૮૧૮ અને નીચામાં રૂ.૧૬૨૮૮૪ના મથાળે અથડાઈ, રૂ.૧૬૨૦૯૧ના આગલા બંધ સામે રૂ.૧૭૭૯ વધી રૂ.૧૬૩૮૭૦ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૨૧૭૩ વધી રૂ.૧૬૫૧૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૨૧૨૭ વધી રૂ.૧૬૫૧૧૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.૧૫૪૫.૦૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું નવેમ્બર વાયદો રૂ.૩.૦૫ વધી રૂ.૧૦૧૬.૪૫ના ભાવે બોલાયો હતો. જસત નવેમ્બર વાયદો ૯૫ પૈસા વધી રૂ.૩૦૬.૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ નવેમ્બર વાયદો ૧૦ પૈસા ઘટી રૂ.૨૭૩.૭ના સ્તરે પહોંચ્યો હતો. સીસું નવેમ્બર વાયદો ૪૫ પૈસા ઘટી રૂ.૧૮૪.૫૫ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૩૬૬૨.૬૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી નવેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૦૨૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૦૨૮ અને નીચામાં રૂ.૨૯૫૧ના મથાળે અથડાઈ, રૂ.૧૯ ઘટી રૂ.૩૦૦૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ નવેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૧૯૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૨૩૩ અને નીચામાં રૂ.૫૧૫૭ના મથાળે અથડાઈ, રૂ.૫૧૯૮ના આગલા બંધ સામે રૂ.૨૯ વધી રૂ.૫૨૨૭ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની નવેમ્બર વાયદો રૂ.૨૯ વધી રૂ.૫૨૨૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ નવેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૫ ઘટી રૂ.૩૯૬.૬ થયો હતો. નેચરલ ગેસ-મિની નવેમ્બર વાયદો રૂ.૧.૪ ઘટી રૂ.૩૯૬.૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૧૪.૧ના ભાવે ખૂલી, રૂ.૧.૧ વધી રૂ.૯૧૩.૮ના સ્તરે પહોંચ્યો હતો. કોટન નવેમ્બર વાયદો રૂ.૧૫૦ વધી રૂ.૨૫૧૩૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૪૮૦ના ભાવે ખૂલી, રૂ.૨૩ વધી રૂ.૨૫૫૯ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૯૨૯૬.૮૨ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨૦૦૬૦.૩૪ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૧૦૬૯.૫૦ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૧૧૦.૬૮ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૨૯.૨૪ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૩૩૫.૦૨ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૧૦.૬૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૧૦૫૩.૨૦ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૨૫૯૮.૭૯ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૨.૭૭ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ.૦.૩૮ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૦.૯૪ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૬૭૧૫ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૭૭૯૨ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૧૩૯૬ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૦૫૪૯૮ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૮૨૪૫ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૩૪૩૪ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૭૭૩૪ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૩૦૭૦૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૦૨૨ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૨૫૮૬ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૦૭૧૮ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ નવેમ્બર વાયદો ૩૦૩૭૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૦૫૪૨ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૦૩૩૬ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૩૨૮ પોઈન્ટ વધી ૩૦૩૭૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૩.૭ વધી રૂ.૯૮.૫ થયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૬૫ ઘટી રૂ.૧૪.૬ના ભાવે બોલાયો હતો.

સોનું નવેમ્બર રૂ.૧૩૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૬.૫ વધી રૂ.૬૧૫ થયો હતો. આ સામે ચાંદી નવેમ્બર રૂ.૧૬૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૧૧૩.૫ વધી રૂ.૪૯૦૦ થયો હતો. તાંબું નવેમ્બર રૂ.૧૦૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૨ વધી રૂ.૧૦.૩૯ના ભાવે બોલાયો હતો. જસત નવેમ્બર રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૮૪ પૈસા વધી રૂ.૭.૭ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની નવેમ્બર રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૪.૪ વધી રૂ.૧૦૦.૮ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની નવેમ્બર રૂ.૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૪૫ ઘટી રૂ.૧૪.૯૫ થયો હતો. સોનું-મિની નવેમ્બર રૂ.૧૨૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૧૧ વધી રૂ.૨૮૬૧.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની નવેમ્બર રૂ.૧૭૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૪૮ વધી રૂ.૮૧૯ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૦.૮ ઘટી રૂ.૬૪.૨ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૧૫ પૈસા વધી રૂ.૧૮.૩ થયો હતો. આ સામે ચાંદી નવેમ્બર રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૮.૫ વધી રૂ.૯૪૧.૫ના ભાવે બોલાયો હતો. તાંબું નવેમ્બર રૂ.૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૮૯ પૈસા ઘટી રૂ.૪.૯૮ના ભાવે બોલાયો હતો. જસત નવેમ્બર રૂ.૩૧૭.૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૭.૮૨ વધી રૂ.૨૦ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની નવેમ્બર રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૯.૪ ઘટી રૂ.૬૬.૦૫ થયો હતો. નેચરલ ગેસ-મિની નવેમ્બર રૂ.૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૧૦ પૈસા ઘટી રૂ.૧૮.૧૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની નવેમ્બર રૂ.૧૨૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૧૧.૫ ઘટી રૂ.૨૪૮૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની નવેમ્બર રૂ.૧૬૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૮૯૪.૫ ઘટી રૂ.૪૧૭૬ના ભાવે બોલાયો હતો.

## રાજકોટ તરફ જતા યુવાનનું રહસ્યમય રીતે નિપજ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

જામનગર જિલ્લાના કાલાવડ ટાઉનમાં રહેતા અને તાળા ચાવીનું કામ કરતા એક શીખ યુવાનને રાજકોટ તરફ બાઈક ઉપર જતી વેળાએ કોઈ અકસ્માત નડ્યો હતો, અથવા તો અન્ય કોઈપણ રીતે તેનું રહસ્યમય સંજોગોમાં મૃત્યુ નીપજ્યું હતું, અને માર્ગ પર બાઈક સાથે તેનો મૃતદેહ પડેલો મળી આવ્યો હતો. સમગ્ર મામલામાં પોલીસે ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.

આ બનાવની વિગત એવી છે કે કાલાવડ ટાઉનમાં રહેતો અને તાળાની ચાવી બનાવવાનું કામ કરતો કુલદીપસિંઘ કરણસિંઘ નામનો ૨૬ વર્ષનો શીખ યુવાન કે જે ગત ૯ તારીખે રાતે દસેક વાગ્યાના અરસામાં પોતાના ભાણેજ અર્જુનના ઘરે જવા માટે બાઈક પર નીકળ્યો હતો, અને રાજકોટ કાલાવડ હાઈવે રોડ પર રાજસ્થળી ગામના પાટીયા પાસે કોઈપણ સંજોગોમાં નીચે પડી ગયો હતો, અને તેનું મૃત્યુ નીપજ્યું હતું.મૃતક યુવાન પોતાના ભાણેજના ઘેર પહોંચ્યો ન હોવાથી પરિવારજનો શોધતા હતા. દરમિયાન ગઈકાલે તેનો મૃતદેહ માર્ગ પરથી મળી આવ્યો હતો.

#### પ્રાકૃતિક કૃષિ અન્વયે કરવામાં આવતી કામગીરીની રાજ્ય સ્તરીય સમીક્ષા બેઠકમાં વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા

## પ્રાકૃતિક કૃષિ એ માનવ જીવનમાં સકારાત્મક બદલાવ લાવનારી કૃષિ સંસ્કૃતિ સમાન છેઃ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

#### પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા પરિણામલક્ષી પ્રયાસોને વધુ પ્રોત્સાહન આપવા પર ભાર મુક્તા કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી



રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ સંદર્ભે થઈ રહેલી કામગીરીની સમીક્ષા કરવા ગાંધીનગરમાં રાજભવન ખાતે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને રાજ્યકક્ષાની મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજ્યના કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી પણ ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, પ્રાકૃતિક કૃષિ એ માનવ જીવનમાં સકારાત્મક બદલાવ લાવનારી કૃષિ સંસ્કૃતિ સમાન છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશનના પ્રોત્સાહક પરિણામો ખેડૂતો અને લોકોની સમક્ષ આવી રહ્યા છે અને ગુજરાત તેનું નેતૃત્વ કરી રહ્યુ છે. પ્રાકૃતિક કૃષિને લગતા વિવિધ આયામો પર રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા ઝીણવટ પૂર્વક સંશોધનો થઈ રહ્યા છે, જેના અત્યાર સુધીમાં આવેલા તારણોએ સાબિત કર્યુ છે કે, પ્રાકૃતિક કૃષિથી ઉત્પાદનમાં ઘટાડો થતો નથી. તેમજ જમીન અને પર્યાવરણની ગુણવત્તામાં સુધારો થાય છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, ગ્રામ્ય સ્તરે પ્રાકૃતિક કૃષિનો ફેલાવો થાય અને વધુને વધુ ખેડૂતો તાલીમ લઈ અને પ્રાકૃતિક કૃષિ તરફ વળે તેવા પ્રયાસોને રાજ્ય સરકાર પ્રોત્સાહન આપી રહી છે. જેના પરિણામ સ્વરૂપે પ્રાકૃતિક કૃષિ પેદાશોનું વેચાણ પણ વધી રહ્યુ છે. જો કે તેના માટે ગ્રાહકોનો વિશ્વાસ જળવાઈ રહે તે માટે પ્રાકૃતિક કૃષિના ખેત પેદાશોના યોગ્ય સર્ટિફિકેશનની વ્યવસ્થા ગોઠવવા પણ રાજ્યપાલશ્રીએ સૂચન કર્યું હતું.

પ્રાકૃતિક કૃષિના આધારસ્તંભ સમાન દેશી ગાયોની સંખ્યામાં વધારો કરવા અને તેમની નસલમાં સુધારો કરવા માટે રાજ્યપાલશ્રીએ સૂચનો આપ્યા હતા. તેમણે રાજ્યભરમાં સેક્સડ સોર્ટેડ સિમેન સરળતાથી મળી રહે તે અંગે યોગ્ય વ્યવસ્થા કરવા સૂચવ્યું હતું. આ ઉપરાંત સ્થાનિક સ્તરે સોશિયલ મીડિયા, અખબારો, ખેડૂતોની સાફલ્ય ગાથા અને પ્રગતિશીલ ખેડૂતોના ખેતરોનું પ્રત્યક્ષ નિદર્શન દ્વારા પ્રચાર-પ્રસાર વધારવા પર ભાર મૂક્યો હતો.

આ બેઠકમાં કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ રાજયમાં પ્રાકૃતિક કૃષિના વિકાસ અંગે ખેડૂત હિતલક્ષી માર્ગદર્શન આપી તેનો વ્યાપ વધારવા પરિણામલક્ષી પ્રયાસોને વધુ પ્રોત્સાહન આપવા પર ભાર મુક્યો હતો. કૃષિ મંત્રીશ્રીએ પ્રાકૃતિક કૃષિ સાથે વધુને વધુ ખેડૂતો જોડાય તે માટે નવી બાબતો અને પ્રયોગોને અપનાવવા જણાવ્યું હતુ. તેમજ કૃષિ વિભાગ દ્વારા ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ, સહાયકારી યોજનાઓ, તાલીમ, સંશોધન અને શિક્ષણ અંગે થતી કામગીરીની સમીક્ષા કરી ઉચ્ચ અધિકારીશ્રીઓને જરૂરી સુચનો આપ્યા હતા. આ બેઠકમાં કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી ડૉ.અંજુ શર્મા, રાજભવનના અગ્ર સચિવશ્રી અશોક શર્મા, કૃષિ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આત્મા, પશુપાલન વિભાગ અને કૃષિ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ, ઉપસ્થિત રહ્યા હતા.

## અમરાઈવાડીમાં જર્જરિત ક્વાર્ટરની ગેલેરી ધરાશાયી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શહેરના અમરાઈવાડી વિસ્તારમાં એક દુર્ઘટના ઘટી છે. જ્યાં જર્જરિત ક્વાર્ટર્સની ગેલેરી ધરાશાયી થતાં નાસભાગ મચી છે. સંત વિનોબાનગરના બ્લોક નંબર ૧૭ની ઘટના છે. ગેલેરીનો ભાગ ધરાશાયી થતાં ૩ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ગેલેરી ધરાશાયી થતાં મકાનમાં રહેલા લોકોને બહાર કાઢવા માટે કવાયત હાથ ધરવામાં આવી છે. બ્લોક નંબર ૧૭ની ગેલેરી ધરાશાયી થતાં ૮ મકાનમાં રહેતા કેટલાક લોકોને બહાર કાઢવા માટે જહેમત હાથ ધરાઈ છે. ઘટનાની જાણ થતાં ફાયર અને પોલીસનો મોટો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો છે. સ્થાનિક નગરસેવક અને ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત છે. બચાવકાર્ય યુદ્ધના ધોરણે હાથ ધરવા સૂચના અપાઈ છે. આ ઘટના અંગે પ્રત્યક્ષદર્શી હર્ષદ પટેલે જણાવ્યું કે, અમરાઈવાડીમાં ૪૦ વર્ષ જૂના ક્વાર્ટ્સની ગેલેરી ધરાશાયી થઈ છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

#### અંબાજી માર્બલ હવે કાયદેસર રીતે સુરક્ષિત અને વૈશ્વિક સ્તરે ઓળખ ધરાવતું ઉત્પાદન

# માર્બલનું માન વધ્યુંઃ બનાસકાંઠાના અંબાજી માર્બલને મળ્યો GI Tag

### અંબાજી માર્બલને મળેલ GI ટેગ શ્રધ્ધાની સાથે કુદરતી સંપત્તિ અને ઔદ્યોગિક ગૌરવનું પ્રતીક બન્યું છે :- કલેક્ટરશ્રી મિહિર પટેલ

બનાસકાંઠા જિલ્લાના પવિત્ર યાત્રાધામ અને શક્તિપીઠ તરીકે પ્રસિદ્ધ અંબાજી હવે માત્ર ધાર્મિક આસ્થા માટે જ નહીં, પરંતુ તેની ધરતીમાંથી નિકળતા શુદ્ધ સફેદ માર્બલ માટે પણ વિશ્વમાં આગવી ઓળખ મેળવી છે.

અંબાજી વિસ્તારના માર્બલને ભારત સરકારે ''ભૌગોલિક સંકેત'' **(Geographical Indication – GI Tag)** તરીકે માન્યતા આપી છે. આથી અંબાજી માર્બલ હવે કાયદેસર રીતે સુરક્ષિત અને વૈશ્વિક સ્તરે ઓળખ ધરાવતું ઉત્પાદન બની ગયું છે. આ ટેગ સાથે અંબાજી માર્બલનું માન વધ્યું છે, અને હવે તે વિશ્વના નકશા પર ગુજરાતની નવી ઓળખ તરીકે ચમકશે.

અંબાજી માર્બલ માટેની આ નોંધણી **Ambaji Marbles Quarry and Factory Association**ના નામે કરવામાં આવી છે, જેમાં **Stone Artisan Park Training Institute (SAPTI), Commissioner of Geology and Mining,** અને **Collector, Banaskantha**ની મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે.

જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલે જણાવ્યું કે, પવિત્ર યાત્રાધામ તરીકે શક્તિપીઠ અંબાજીને વૈશ્વિક ઓળખ મળી છે તેવી જ રીતે અંબાજી માર્બલનું નામ પણ વિશ્વમાં તેજસ્વી રીતે લખાયું છે. હવે અંબાજી શ્રધ્ધાની સાથે કુદરતી સંપત્તિ અને ઔદ્યોગિક ગૌરવનું પ્રતીક પણ બન્યું છે. અંબાજી માર્બલનું માન વધ્યું છે, અને અંબાજીનું નામ વિશ્વના પથ્થર ઉદ્યોગના નકશા પર તેજસ્વી રીતે લખાયું છે. આ સિધ્ધિ બદલ કલેકટરશ્રીએ બનાસ વાસીઓ અને અંબાજી માર્બલ ક્વોરી અને ફેકટરી એસોસિએશનને અભિનંદન પાઠવ્યા હતા.

★અંબાજી માર્બલનું વિશેષ મહત્વ

અંબાજી વિસ્તારનો માર્બલ તેની દૂધિયા સફેદ ચમક, ટકાઉપણું અને પ્રાકૃતિક સૌંદર્ય માટે જાણીતા છે. આ માર્બલનો ઉપયોગ અંબાજી મંદિર સહિત અનેક ધાર્મિક સ્થળો, સ્મારકો અને ભવ્ય ઈમારતોમાં થાય છે. તે ગુજરાતની ધરતીની કુદરતી સૌંદર્ય અને પરંપરાગત હસ્ત કૌશલ્યનું પ્રતીક છે.

★જી.આઈ. ટેગ શું છે? કોણ આપે છે?★

ભૌગોલિક સંકેત **(GI)** એ એવું પ્રમાણપત્ર છે, જે કોઈ ચોક્કસ વિસ્તારના અનન્ય ઉત્પાદને આપવામાં આવે છે, જે તે વિસ્તારની ભૂગોળ, માટી, પરંપરા અથવા કુદરતી લક્ષણો પર આધારિત હોય.

ભારતમાં **GI** ટેગ ભારત સરકારના ઉદ્યોગ અને આંતરિક વેપાર પ્રોત્સાહન વિભાગ **(DPIIT)** હેઠળ, ચેન્નાઈ સ્થિત જીઆઈ રજિસ્ટ્રી ઓફિસ દ્વારા આપવામાં આવે છે.

★**GI** ટેગ મળવાથી થનારા ફાયદા★

● વિશ્વસ્તરીય ઓળખઃ **"Ambaji Marble"** તરીકે વૈશ્વિક બજારમાં અનન્ય બ્રાન્ડ ઈમેજ મળશે.

● નકલી ઉત્પાદનો સામે સુરક્ષાઃ અન્ય વિસ્તારોના માર્બલને અંબાજી માર્બલ તરીકે વેચી શકાશે નહીં.

● સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહનઃ રોજગાર, ખાણકામ અને ફેકટરી ક્ષેત્રે નવી તકો વધશે.

● નિકાસમાં વધારોઃ વિદેશી માર્કેટમાં વિશ્વાસ અને માંગ બંને વધશે.

● પરંપરાગત કૌશલ્યનું જતનઃ સ્થાનિક કલાકારો અને કારીગરોના હસ્તકૌશલ્યને નવી માન્યતા મળશે.

★દિલ્હીમાં બનાસકાંઠાના ભૂસ્તરશાસ્ત્રી ગુરુપ્રીત સિંહને જી.આઈ. ટેગ પ્રમાણપત્ર આપી કરાયા સન્માનિત

ભારત સરકારના ઉદ્યોગ મંત્રાલય દ્વારા આયોજિત કાર્યક્રમ દરમ્યાન કેન્દ્રીય ઉદ્યોગ મંત્રીશ્રી પીયુષ ગોયલના હસ્તે બનાસકાંઠાના ભૂસ્તરશાસ્ત્રી શ્રી ગુરુપ્રીત સિંહને જી.આઈ. (ભૌગોલિક ઓળખ) ટેગનું પ્રમાણપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા છે.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

### મુખ્યમંત્રીશ્રીએ કેનવાસ પર સહી કરી ગુજરાતમાં અમદાવાદ શહેર કોમનવેલ્થ ગેમ -૨૦૩૦ માટે તૈયાર છે, તેને ગૌરવ પૂર્ણ ક્ષણ ગણાવી

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે 'અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ' અને 'ફૂડ ફોર થોટ ફેસ્ટ ૨૦૨૫નો શુભારંભ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે "અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ ૨૦૨૫" તથા "ફૂડ ફોર થોટ ફેસ્ટ ૨૦૨૫"ભવ્ય શુભારંભ થયો છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી અને કેન્દ્રીય શિક્ષણ મંત્રીશ્રી ધર્મેન્દ્ર પ્રધાન સહિત ઉપસ્થિત મહાનુભાવોએ સ્વદેશી અપનાવવાના સપથ ગ્રહણ કર્યા હતા.

આ કાર્યક્રમનો પ્રારંભ મુખ્યમંત્રીશ્રી તથા મહાનુભાવો દ્વારા ભારત માતાને પુષ્પાંજલિ અર્પણ કરી અને "નવું ભારત @૧૫૦" ગીતના સ્વરો સાથે થયો હતો. આ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે "મિશન ફોર મિલિયન ટ્રીઝ" કોફી ટેબલ બુકનું અનાવરણ કરી વિવિધ શૈક્ષણિક અને સાહિત્યિક ઝોન તેમજ નેશનલ બુક ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાના સ્ટોલની પણ મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીશ્રીએ કેનવાસ પર સહી કરી ગુજરાતમાં અમદાવાદ શહેર કોમનવેલ્થ ગેમ -૨૦૩૦ માટે તૈયાર છે, તેને ગૌરવ પૂર્ણ ક્ષણ ગણાવી હતી.

આ પ્રસંગે ભારતીય-અમેરિકન લેખક શ્રી જય પટેલે ભારતના લોખંડી પુરુષ અને રાષ્ટ્રીય એકતાના શિલ્પી એવા શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે તેમનું પ્રથમ પુસ્તક "બેરિસ્ટર મિસ્ટર પટેલ" પ્રકાશિત કર્યું છે, જેનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ પુસ્તક પ્રખ્યાત ફિલ્મ નિર્માતા અને વાર્તાકાર અભિષેક દુધૈયા દ્વારા સહ-લિખિત છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલનો પ્રારંભ કરાવ્યા બાદ તેમણે ઈનોવેશન પેવિલિયન અંતર્ગત રિસાયકલ ગ્રીન સ્ટોલ, **IOTA Diagnostic Pvt. Ltd.** ના સ્ટોલની, **WeHear** અને **KeenKey LLP** જેવા ઉદ્યોગોના સ્ટોલ્સની મુલાકાત લઈ તેમની પ્રશંસા કરી હતી. આ ઉપરાંત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલમાં તૈયાર કરવામાં આવેલા ચિલ્ડ્રન પેવેલિયનની પણ મુલાકાત લીધી હતી.

આ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે 'ફૂડ ફોર થોટ ફેસ્ટ ૨૦૨૫" અંતર્ગત તૈયાર કરવામાં આવેલા સ્પિરિચુઅલ પેવેલિયન ખાતે સંતો-મહંતોની મુલાકાત લઈ પ્રસાદ ગ્રહણ કરી સ્વાદ અને સંસ્કૃતિના સંગમરૂપે વૈવિધ્યસભર ખાદ્ય પરંપરાને પણ વધાવી હતી. અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ તથા ફૂડ ફોર થોટ ફેસ્ટ ૨૦૨૫ના પ્રારંભ પ્રસંગે કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્રપ્રધાન, અમદાવાદનાં મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન, સામાજિક અને ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ડૉ. પ્રદ્યુમન વાજા, રાજ્ય મંત્રી શ્રી દર્શનાબેન વાઘેલા અને મંત્રીશ્રી રિવાબા જાડેજા, રાજ્ય સભાના સાંસદ શ્રી નરહરિ અમીન, અમદાવાદ પશ્ચિમના સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા, અમદાવાદ શહેરના સ્થાનિક ધારાસભ્યશ્રીઓ, પૂર્વ મંત્રીશ્રી રજનીકાંત પટેલ, અગ્રણી શ્રી પ્રેરકભાઈ શાહ, ડેપ્યુટી મેયર શ્રી જતીન પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગ દાણી, શાસક પક્ષના નેતા શ્રી ગૌરાંગ પ્રજાપતિ, દંડક શીતલ ડાંગા, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાની, ક્રિએશન કલ્ચર એન્ડ હેરિટેજ કમિટીના ચેરમેન શ્રી જયેશ ત્રિવેદી, નેશનલ બુક ટ્રસ્ટ ભારતના અધ્યક્ષ શ્રી પ્રોફેસર મિલિંદ સુધાકર, નેશનલ બુક ભારતના નિયામક શ્રી યુવરાજ મલિક, સાઉથ એશિયન એસોસિએશન ફોર ગેસ્ટ્રોનોમી **(S.A.A.G)**ના ફાઉન્ડર અને ડિરેક્ટર શ્રી મનીષ બહેટી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ પદાધિકારીઓ મહાનુભાવો, સાહિત્યકારો અને મોટી સંખ્યામાં પુસ્તકપ્રેમીઓ અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ રહ્યા હતા.

અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ અને ફૂડ ફોર થોટ ફેસ્ટ ૨૦૨૫માં તમામ મુલાકાતીઓ માટે પ્રવેશ નિઃશુલ્ક રહેશે, માત્ર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. આ લિંક પર **https://drive.google.com/file/d/1Z2oWVkkv_Xjkx7N3f6zLt9hrKVpCKUO7/view?usp=drive_link** થી અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ અને 'ફૂડ ફોર થોટ ફેસ્ટ અંતર્ગત યોજાનારા વિવિધ સાહિત્યિક - સાંસ્કૃતિક કાર્યક્રમ નિઃશુલ્ક માણી શકાશે.

● અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ-૨૦૨૫' વિશેઃ

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ નેશનલ બુક ટ્રસ્ટ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે હેરિટેજ સિટી અમદાવાદને સાહિત્ય અને પુસ્તક પ્રકાશન ક્ષેત્રે વિશ્વ ફલક પર પહોંચાડવાના ઉદ્દેશ સાથે વાંચે ગુજરાત ૨.૦ અંતર્ગત તારીખ ૧૩ થી ૨૩ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર, પાલડી ખાતે 'અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ-૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું છે.

આ બુક ફેસ્ટિવલમાં વિદ્યાર્થીઓ માટે ઝોન-વાઈઝ તકો ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ઝોન ૧ – ચિલ્ડ્રન્સ કોર્નર (**NCCL** પેવેલિયન), જેમાં સવારના સ્લોટ્સ (સવારે ૯ થી ૧૨.૩૦) શાળા જૂથો માટે ખાસ તૈયાર કરાયેલા છે, જેમાં સ્ટોરી ટેલિંગ, પપેટ થિયેટર, મંડલા આર્ટ, બેસ્ટ-આઉટ-ઓફ-વેસ્ટ અને ડાન્સ-ડ્રામા જેવા કાર્યક્રમોનો સમાવેશ થાય છે. ઝોન ૨ – જ્ઞાન ગંગા, જેમા રોજિંદા લેખન અને ડિઝાઈન સ્ટુડિયો (સવારે ૧૦ થી સાંજે ૫) ગઝલ, કવિતા, ડ્રામા, ફિલ્મ-સ્ક્રિપ્ટ, નિબંધ, બાયોગ્રાફી વર્કશોપ્સ, હેન્ડ્સ-ઓન પ્રવૃત્તિઓ જેમ કે ફેબ્રિક પપેટ, ઝાઈન મેકિંગ, ટેરાકોટા હોર્સ, માતા-ની-પચ્છેડી, ઓઈલ પેઈન્ટિંગ, મેટલ એમ્બોસિંગનો સમાવેશ થાય છે. જ્યારે ઝોન ૩ – સ્કૂલ બોર્ડ શતાબ્દી મહોત્સવ પેવેલિયનમાં ઈન્ટર-સ્કૂલ મેગા કોન્ટેસ્ટના સિટી લેવલના ફાઈનલ રાઉન્ડ (રોજ સવારે ૧૦ થી સાંજે ૭:૩૦) યોજાશે.

મુખ્ય આકર્ષણો અને ઈન્ટર-સ્કૂલ મેગા કોન્ટેસ્ટ્સની વાત કરીએ તો, ૧૩ અને ૧૪ નવેમ્બર ક્વિઝ, ૧૫ નવેમ્બર વાર્તાકથન **(Storytelling)**, ૧૬ નવેમ્બર ફેન્સી ડ્રેસ, ૧૭ નવેમ્બર કિડ્સ પેનલ ડિસ્કશન, ૧૮ નવેમ્બર ઈન્ટર-સ્કૂલ કોન્ટેસ્ટ, ૧૯ નવેમ્બર ઈમ્પ્રમ્પ્ટુ સ્પીચ, ૨૦ નવેમ્બર બુક રીડિંગ કોન્ટેસ્ટ તેમજ ૨૧ નવેમ્બર મસ્તી કી પાઠશાલા મુખ્ય આકર્ષણો રહેશે. આ ઉપરાંત વિજેતાઓને ઈનામો અને ટ્રોફી એનાયત કરવામાં આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને નેશનલ બુક ટ્રસ્ટ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ ફેસ્ટિવલમાં નિઃશુલ્ક ચિલ્ડ્રન્સ ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં રોજ સાંજે ૫.૩૦ થી ૭.૩૦ દરમિયાન અંદાજિત ૪ થી ૭ આંતરરાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા ફિલ્મોનું પ્રદર્શન થશે.

અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ ૨૦૨૫ દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેના દરરોજ સાંજે ૫.૩૦ વાગ્યાથી સાંસ્કૃતિક કાર્યક્રમોનો મહાકુંભનો પ્રારંભ થશે. કિર્તીદાન ગઢવીનું લોક ઓર્કેસ્ટ્રા, અંકિત ત્રિવેદી સાથે ગુજરાતી કાવ્ય-સંગીત, સંદીપ ક્રિશ્ચિયન ઓર્કેસ્ટ્રા સાથે હિન્દી ફિલ્મ ગીતો પર કાવ્યાત્મક સંગીત પ્રદર્શન, કવિઓ સાથે ગ્રાન્ડ મુશાયરો, તેમજ લેફ્ટનન્ટ જનરલ (નિવૃત્ત) કેજેએસ ઢીલોન અને આઈપીએસ (નિવૃત્ત) કે વિજયકુમાર સાથે શૌર્ય સંવાદ થશે.

આ ઉપરાંત કોલેજના વિદ્યાર્થીઓને જાણીતા ગુરચરણ દાસ, નિતિન સેઠી, કુલપ્રીત યાદવ જેવા મહાનુભાવોને મળવાનો અવસર મળશે. એઆઈ, ક્રાઈમ જર્નાલિઝમ, ગાંધી-મંડેલા લેગસી પર લાઈવ સેશન યોજાશે. આ ઉપરાંત પ્રકાશકો સાથે સ્થળ પર જ ઈન્ટર્નશિપ અને કન્ટેન્ટ-રાઈટિંગની તકો મળશે.

●ફૂડ ફોર થોટ ફેસ્ટ - ૨૦૨૫ વિશે

વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સાઉથ એશિયન એસોસિએશન ફોર ગેસ્ટ્રોનોમી **(S.A.A.G)** ના સહયોગથી ફરી એક વખત ૧૩ થી ૧૬ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાનો શાકાહારી ફૂડ ફેસ્ટિવલ "ફૂડ ફોર થોટ ફેસ્ટ ૨૦૨૫" નું આયોજન કરવામાં આવ્યું છે. સાઉથ એશિયાની વૈવિધ્યસભર રસોઈ પરંપરા, સંસ્કૃતિ અને વિચારવિમર્શના સંયોગને ઉજવતો આ ફૂડ ફેસ્ટિવલ ચાર દિવસ સુધી શહેરના નાગરિકો, દેશ-વિદેશના ફૂડ લવર્સ અને ક્યુલિનરી એક્સપર્ટને એક સાથે જોવા મળશે. આ વર્ષે ફેસ્ટિવલનું વિશેષ આકર્ષણ ત્રણ થીમ આધારિત પેવિલિયન રહેશે, જે પોતાના પ્રકારનો એક અનોખો અનુભવ પૂરું પાડશે. **TAJ Soulinaire** દ્વારા બનાવાયેલ લક્ઝરી પેવિલિયન ફાઈન ડાઈનિંગનું અનુભૂતિપૂર્ણ માહોલ પૂરું પાડશે, જેમાં વિશ્વસ્તરીય શાકાહારી વાનગીઓને સ્થાનિક સ્વાદ સાથે રજૂ કરવામાં આવશે. **TAJ**ની અનુભવી ક્યુલિનરી ટીમ દ્વારા તૈયાર કરાયેલ ખાસ મેનૂમાં પરંપરા અને આધુનિકતાનો સુંદર સંગમ જોવા મળશે. લંચ, ડિનર અને હાઈ–ટીની વ્યવસ્થા સાથે આ પેવિલિયન સામાન્ય નાગરિકોને પણ ફાઈન ડાઈનિંગનો વૈભવી અનુભવ આપવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે. આ ફેસ્ટિવલનો ધાર્મિક અને આધ્યાત્મિક ભાગ "સ્પિરિચ્યુઅલ પેવિલિયન" હેઠળ પ્રસ્તુત થશે. અહીં પુરી સ્થિત જગન્નાથ મંદિરનો પ્રસિદ્ધ મહાપ્રસાદ મૂળ મંદિરના બ્રાહ્મણ રસોઈયાઓ દ્વારા જ તૈયાર કરીને પીરસવામાં આવશે, જેથી અમદાવાદના મુલાકાતીઓને પુરી જેવી જ પવિત્રતા, પરંપરા અને સ્વાદનો અનુભવ મળી શકે.

આ ફેસ્ટિવલમાં આ વર્ષે પ્રથમ વખત રજૂ થતો "કોફી પેવિલિયન" પણ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે. અહીં કોફીના છોડથી લઈને કાચા બીન્સ, તેમની કાપણી, રોસ્ટિંગ અને બ્રૂઈંગ સુધીની સમગ્ર પ્રોસેસ જીવંત રીતે રજૂ કરવામાં આવશે. અરાબિકા અને રોબસ્ટા વચ્ચેના તફાવતો, તેમની સુગંધ અને સ્વાદ કેવી રીતે બદલાય છે તેની સમજ આપવામાં આવશે. મુલાકાતીઓને ફ્રેશ તૈયાર કરેલી કોફીનો સ્વાદ માણવાની તક સાથે રોસ્ટિંગ અને બ્રૂઈંગ ટેક્નિક્સ અંગે વર્કશોપ્સ પણ યોજાશે.

આ વર્ષે ફેસ્ટિવલમાં અનેક દેશોની આંતરરાષ્ટ્રીય ભાગીદારી રહેશે. નેપાળ, સ્પેન અને નેધરલેન્ડ્સના પ્રતિનિધિઓ ભાગ લેશે. ખાસ કરીને સ્પેનના વલ્લાડોલિડ (જે અમદાવાદનું સિસ્ટર સિટી છે)માંથી મિશેલિન સ્ટાર રેસ્ટોરન્ટના સેલિબ્રિટી શેફ અલ્વાર હિનોજલ ક્રેસ્પો પ્રથમ વખત અમદાવાદમાં પોતાની પ્રસિદ્ધ શાકાહારી વાનગીનું ડેમો પ્રસ્તુત કરશે.

આ ફેસ્ટિવલ દરમિયાન દર સાંજે ૫:૩૦ થી ૮:૦૦ વાગ્યે લાઈવ ડેમો, કુકિંગ સેશન્સ, ચર્ચાઓ, ફૂડ ટાસ્ટિંગ અને કલ્ચરલ પ્રોગ્રામ્સ યોજાશે. તેમાં પ્રસિદ્ધ શેફ રણવીર બ્રાર, સુવીર સરણ, વિક્કી રત્નાની, માસ્ટર શેફ અભિજિત સાહા, લેખિકા રશ્મી ઉદય સિંહ, પદ્મશ્રી ડૉ. પુષ્પેશ પંત તથા અનેક રાજવી અને સંસ્કૃતિ નિષ્ણાતો હાજરી આપશે.

---

## સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ખાતે પ્રદેશ ભાજપ પ્રમુખનુ ઉમળકાભેર સ્વાગત કરાયું






પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ખાતે પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્માજીનુ જિલ્લાના કાર્યકર્તાઓ, સાધુ સંતો અને પક્ષના આગેવાનો તેમજ વિવિધ સમાજના આગેવાનોની ઉપસ્થિતિમાં અભિવાદન સમારોહ યોજાયો હતો.

દિલ્હી લાલ કિલ્લા પાસે કારમાં પ્રચંડ બ્લાસ્ટની ઘટના અંગે પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્માજીએ દુઃખ વ્યકત કરી ઘટનામાં મૃત્યુ પામનાર વ્યકિતઓને શ્રધ્ધાજંલી અર્પણ કરી ઈજાગ્રસ્તો પ્રત્યે સહાનુભુતિ વ્યકત કરી ઝડપથી સ્વસ્થ થાય તે માટે પ્રાર્થના કરી હતી. વધુમાં પ્રમુખે જણાવ્યુ હતુ કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ તપાસ એજન્સીઓ સાથે સતત સંપર્કમાં છે અને કોઈપણ દોષિતને છોડવામાં ન આવે તેવી સુચનાઓ આપી છે. વધુમાં તેમણે કહ્યુ હતુ કે ભાજપ એટલે સહકાર થી સમૃધ્ધિ, ભાજપ એટલે પશુપાલકની સમૃધ્ધિ , ભાજપ એટલે ખેડુતોને યોગ્ય વળતર, ભાજપ એટલે વાઈબ્રન્ટ ગુજરાત, ભાજપ એટલે યુવાનોનુ ભવિષ્ય ભાજપ એટલે મહિલાઓ સુરક્ષિત, ભાજપ એટલે વિકાસ અને વિશ્વાસ તેવુ પણ તેમણે જણાવ્યુ હતું. વધુમાં તેમણે કહ્યુ હતુ કે આપણે સૌ સાથે મળી આત્મનિર્ભર ભારત બનાવવા તેમજ વિકસિત ભારત બનાવવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબનો હાથ વધુ મજબુત કરીએ.

### મહાવીરનગરમાં આચાર્ય મહાશ્રવણજીના દર્શન કરી આશીર્વાદ લીધા : જિલ્લા ભાજપ દ્વારા યોજાયેલ બાઈકરેલીમાં જોડાઈ અભિવાદન સ્થળે પહોચ્યા

અન્ય રાજયોના નેતાઓ ગુજરાતમાં આવી આપણા ખેડુતોને છેતરવાનો પ્રયાસ કરે છે, ગુજરાતની જનતા ભોળી ચોકકસ છે પરંતુ સમજદાર છે અને એટલા માટે જ સતત ૨૫ વરસથી મોદી સાહેબ સાથે અડીખમ ઉભી છે, આજે દેડકાની જેમ ફુટી નિકળેલા નેતાઓ આપણને એમ કહે છે કે તમે આટલુ વળતર ચુકવો તો એક વખત તેમને પુછો કે તમે પંજાબમાં કેટલુ વળતર ચુકવ્યુ, નરેન્દ્રભાઈ મોદી સાહેબ તેમજ અમિતભાઈ શાહ સાહેબ દેશના ખેડુતો, પશુપાલકોની ચિંતા કરે છે અને તેટલા માટે વિશ્વની ગમે તેવી મહાસત્તા સામે ઝુકયા નથી, ગમે તેવી ધમકી આપે કે ટેરીફ લગાવવાની ધમકી આપે તો પણ ઝુકયા નથી તેવુ જગદીશ વિશ્વકર્માએ જણાવ્યુ હતું.

બુથ પ્રભારીથી લઈ કર્ણાવતી મહાનગરના પ્રમુખ તરીકે સંગઠનમાં મહત્વની ભુમિકા ભજવનાર એવા યશસ્વી પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માજી તેમના પ્રવાસ દરમિયાન કાર્યકર્તાઓમાં ઉર્જાનો સંચાર કરી પક્ષને વધુ મજબુત બનાવવા માર્ગદર્શન આપી રહ્યા છે. ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રવાસે પધાર્યા હતા ત્યારે જિલ્લાના કાર્યકર્તાઓએ ભવ્ય બાઈકરેલી સાથે ભારત માતા કી જય ના ઘોષ સાથે પ્રદેશ પ્રમુખનુ ઉષ્માભેર સ્વાગત કર્યુ હતુ ત્યારબાદ કળશ પાર્ટી પ્લોટ હિંમતનગર ખાતે પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્માજીનો અભિવાદન સમારોહ યોજાયો હતો. કાર્યક્રમમાં પ્રદેશ પ્રમુખનુ ચોપડા અને ખેસ પહેરાવી સ્વાગત કરવામાં આવ્યુ હતું. ગુજરાત પ્રદેશ ભાજપના નવનિયુકત પ્રમુખ ના અભિવાદન સમારોહમાં ઉપસ્થિત રહી કાર્યકરો સાથે સંવાદ કરવાના હેતુથી હિંમતનગર આવી પહોચ્યા હતા. જયા અગાઉથી નિર્ધારીત કરાયેલ કાર્યક્રમમાં હાજર રહ્યા બાદ કાર્યકરો આયોજીત બાઈકરેલીમાં જોડાઈને તેઓ ખાનગી પાર્ટી પ્લોટમાં યોજાયેલ અભિવાદન સ્થળે પહોચ્યા હતા. જયાં તેમનુ જિલ્લાના અગ્રણીઓની ઉપસ્થિતિમાં સ્વાગત કરવામાં આવ્યુ હતું.

---

## ગુજરાતમાં ખેડુતોનો આક્રોશ ઓછો થયો નથી ત્યાંજ માછીમારોનો સરકાર પ્રત્યે આક્રોશ : સરકાર સમક્ષ સહાય પેકેજ ની કરી માંગ

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાત સરકાર દ્વારા ૧૦ હજાર કરોડના ખેડુતો માટે રાહત પેકેજ મળ્યા બાદ અમરેલી જિલ્લામાંના માછીમારોને બાકાત કરતા નારાજગીનો માહોલ ઉભો થયો છે. જાફરાબાદ બંદર પર ભારે વરસાદ કમોસમી ના કારણે માછીમારોને કરોડો રૂપીયાનુ નુકશાન હોવા છતાં સરકાર દ્વારા કોઈ પેકેજ માં સમાવેશ નહી કરાતા સાગર ખેડુતોમાં નારાજગી વ્યાપી ઉઠી છે.

રાજય સરકાર માછીમારો માટે અલગથી પેકેજ જાહેર કરી સહાય આપી માછીમારોને મદદ કરવા માટેની માંગ કરવામાં આવી રહી છે. ખેડુતો સાથે અમે પણ સાગર ખેડુતો છીએ વારંવાર વાવાઝોડા કમોસમી માવઠા સહિતમાં નુકશાન થાય છે. પીએમ દ્વારા કેન્દ્ર સરકારમાં સાગર ખેડુતો માટેનો દરજ્જો આપવામાં આવ્યો છે. આજદીન સુધી વરસાદ કમોસમી જેવા માવઠામાં રાજય સરકાર દ્વારા માછીમારો માટે કોઈ પેકેજ સહાય આપવામાં કેમ નથી આવતી ? તેવા અનેક સવાલો ઉઠાવી રોષ સાથે નારાજગી વ્યકત કરવામાં આવી છે.

માછીમારોની મચ્છી ચુકવેલ હોય તેમાં વરસાદ પડવાના કારણે ચુકવાતી નથી અને જીવાત પડી જવાના કારણે લાખો કરોડો રૂપીયાનુ નુકશાન થયુ છે. માછીમારો અને ખેડુત વચ્ચે ગોળ-ખોળ કરવામાં આવે છે. માછીમારો વરસોથી રાજય સરકાર સાથે હોવાથી સાગર ખેડુતોને મદદ કરવામાં આવે ત્યારે રાજુલા અને જાફરાબાદ વિસ્તારના ધારાસભ્ય હીરા સોલંકી દ્વારા કૃષિ મંત્રી સહિતને પત્ર લખવામાં આવ્યા છે. ઉપરાંત ધારાસભ્ય હીરા સોલંકીએ સ્વીકાર્યુ કે નુકશાન અંગે આ વિસ્તારમાં અહીં બુમલાની ફીશીંગ કહેવામાં આવે છે. એ ફીશીંગ કરવામાં આવે છે, તડકામાં ચુકવાતી હોય છે, વરસાદ આવવાના કારણે ખુબ મોટા પ્રમાણમાં નુકશાન થયુ છે અને સૌથી મોટી હુંડીયામણ ફીશીંગ લઈને સરકારને જતી હોય છે, ખુબ મોટો લાભ મળે છે આવા સમયે ધારાસભ્યએ પણ સરકાર સમક્ષ માછીમારોને પેકેજ મળે તેવી માંગણી કરી છે. કમોસમી વરસાદે માછીમારોને પણ મોટુ નુકશાન કર્યુ છે. માછીમારોએ સુકવેલ મચ્છી પલળી ગઈ છે જેને લઈને ખેડુતોને મોટુ નુકશાન થયુ છે, માછીમારો માંગ કરી રહ્યા છે કે સરકારે ખેડુતોને રાહત પેકેજ જાહેર કર્યુ પરંતુ હજુ સુધી માછીમારો માટે કોઈ સહાય આપી નથી. જેને લઈને માછીમારો રાહત પેકેજની માંગ કરી રહ્યા છે.

---

### ભારત પર્વઃ રંગો, રસો અને રિવાજોનો ઉત્સવઃ

## સ્ટુડિયો કિચનની સ્વાદયાત્રાઃ લાઈવ સ્ટુડિયો કિચનમાં દરેક વાનગીઓનો સ્વાદ કહે 'ટેસ્ટ ઓફ ઈન્ડિયા!'

### ભારત પર્વ–૨૦૨૫ઃ એકતા નગરમાં સ્વાદ, સંસ્કૃતિ અને સંગમની પ્રસરી સુગંધ

(ખાસ લેખઃ મહેશ કથિરીયા)



ભારત એ વિવિધ સંસ્કૃતિ, ધર્મો, પરંપરાઓ, વ્યંજનો અને માન્યતાઓની ઓળખ ધરાવતો વિશાળ દેશ છે. વિશ્વભરમાં ખાનપાનની વાતનો ડંકો વાગે ત્યારે ભારતનું નામ સૌ પ્રથમ હરોળમાં લેવાતું હોય છે. કારણ કે ભારતના દરેક રાજ્યની પરંપરાંગતથી લઈ સ્ટ્રીટફૂડના ભોજનની યાદી પોતપોતાની વિશેષતાઓ સાથે એક અલગ ઓળખ ધરાવે છે. ત્યારે સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે પ્રથમવાર યોજાયેલા ભારત પર્વ–૨૦૨૫ એ ભારતની સાંસ્કૃતિક વૈવિધ્યતાને એક જ આંગણે એકત્ર કરી અદભૂત સંકલન સર્જ્યું છે. દેશના દરેક ખૂણેથી આવેલા કલાકારો, શિલ્પકારો, રસોઈયાઓ અને દર્શકો માટે આ પર્વ એક જીવંત ઉજવણી બની રહ્યો છે.

આ વર્ષે ભારત પર્વની ઉજવણી પહેલી વાર દિલ્હીના લાલ કિલ્લાની બહાર ગુજરાતની ધરતી પર, એકતા નગર ખાતે થઈ રહી છે. રાજપીપળાના વતની હર્નિષા હિમાશું રાવે જણાવ્યું કે, નરેન્દ્ર મોદીના વિઝનને લઈને ગુજરાતમાં ભારત પર્વની ઉજવણી થવી એ ગૌરવની બાબત છે. અહીં દરેક પ્રાંતની વાનગીઓ, નૃત્યો, લોકકળા, હસ્તકલા અને શિલ્પકલા બધું એક જ સ્થળે જોવા-માણવા મળ્યું એ એક જીવંત ભારતની ઝલક છે.

ભારત પર્વમાં 'સ્ટુડિયો કિચન' વિશેષ આકર્ષણ બન્યું છે. અહીં દરરોજ દેશના વિવિધ પ્રાંતોના માસ્ટરચેફ્સ પોતાની પ્રાંતની ખાણીપીણીની વિશિષ્ટ વાનગીઓ રજૂ કરે છે. ગુજરાતના ફાફડા-જલેબી, ઢોકળા અને હાંડવોના સુગંધ વચ્ચે દક્ષિણ ભારતના ઈડલી-દોસા, ઉત્તર ભારતના છોલે-ભટુરે અને કાશ્મીરના રોગનજોશ જેવી લાજવાબ વાનગીઓ સ્વાદપ્રેમીઓને આકર્ષે છે એમ હર્નિષા એ ઉમેર્યું હતું.

પર્યટક હર્નિષા કહે છે કે, અહીં દરેક વાનગી સ્વાદિષ્ટ હોવા સાથે પૌષ્ટિક પણ છે. સાઉથ અને નોર્થના ફ્યુઝનથી બનેલી કેટલીક વાનગીઓ તો ખૂબ જ અનોખી લાગી. ખાણીપીણીમાં આ પ્રકારનો સંમન્વય આજે સ્વસ્થ ભારતની દિશામાં એક નવો પ્રયાસ લાગે છે. અહીં દરેક વાનગી પાછળ એક વાર્તા છે, પ્રદેશની ધરતીની સુગંધ, લોકોની સંસ્કૃતિ અને તેમની પરંપરાનો અહેસાસ કરાવે છે. લાઈવ કિચનમાં વાનગીઓ તૈયાર થતી જોવું એ પોતે જ એક કલાત્મક અનુભવ છે. એકતાનગર ખાતે ભારત પર્વમાં લોકકલા, નૃત્ય અને સંગીતના તાલથી ગુંજી ઉઠ્યો છે. રાજસ્થાનની કઠપુતળી કળા, પંજાબના ભાંગડા, ગુજરાતનો ગરબા અને દક્ષિણ ભારતનું ભરતનાટ્યમ સૌએ પોતાની સંસ્કૃતિનો અહેસાસ કરાવ્યો હતો. વિવિધતામાં એકતાનું જીવંત દ્રશ્ય ભારત પર્વમાં અહીં જોવા મળ્યું છે.

વધુમાં તેમણે કહ્યું કે, પ્રદર્શની સ્ટોલોમાં દેશભરની હસ્તકળા, વસ્ત્રો, શિલ્પો અને હેન્ડમેડ પ્રોડક્ટ્સે સૌનું ધ્યાન ખેંચ્યું છે. રાજસ્થાનના મીરરવર્કથી લઈને ઉત્તરપૂર્વના બાંસના હસ્તઉદ્યોગો અને કાશ્મીરી પાશ્મીનાની સુંદરતાએ ભારતની સમૃદ્ધ પરંપરાને ઉજાગર કરી છે. હર્નિષાએ ઉમેર્યું હતું કે, સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે ભારત પર્વનો અનુભવ એ શબ્દોમાં વર્ણવી ન શકાય તેવો રહ્યો છે. આ ભારત પર્વ ઉત્સવ ભારતીય એકતાનું પ્રતિક બન્યું છે. અહીં દરેક પ્રાંત, ભાષા અને સ્વાદ એક થઈને ભારતની આત્માને જીવંત કરે છે. ભારત પર્વના આ સ્ટુડિયો કિચનમાં ભલે પ્રાંત અને વાનગીઓ અલગ હોય પરંતુ સ્વાદનો ભાવ એક છે 'ભારતીય' એમ તેમણે કહ્યું હતું.

એકતા નગર ખાતે આયોજિત ભારત પર્વએ સ્વાદ, સંગીત, સંસ્કૃતિ અને સમૃદ્ધ પરંપરાનો અનોખો મેળો છે જ્યાં ભારત પોતે પોતાના રંગમાં ઝૂમે છે.

---

## ગુજરાતમાં સર્વેમાં મોટો ધડાકોઃ૧૫ વર્ષથી ઉપરના ૧૬ ટકા પુરુષો અને ૧૪ ટકા મહિલાઓને ડાયાબિટીસ!

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (એનએફએચએસ)-૫ રિપોર્ટ મૂજબ ગુજરાતમાં ૧૫ વર્ષથી ઉપરના ૧૬ ટકા પુરુષો અને ૧૪.૮ ટકા મહિલાઓમાં બ્લડ શુગરનું સ્તર ઊંચું અથવા ખૂબજ ઊંચું છે. આ રિપોર્ટ દર્શાવે છે કે પુરુષો અને મહિલાઓ બંન્નેમાં ગ્રામીણ વિસ્તારોની તુલનામાં શહેરી વિસ્તારોમાં ડાયાબિટીસનું પ્રમાણ વધુ છે. અપોલો હોસ્પિટલ્સ, અમદાવાદ ખાતે એન્ડોક્રિનોલોજીસ્ટ ડો. રમેશ ગોયલે જણાવ્યું હતું કે, ચિંતાજનક બાબત એ છે કે ડાયાબિટીસની સમસ્યા ધરાવતા લગભગ ૭૦ ટકા લોકોને અનિયંત્રિત બ્લડ શુગર હોય છે, જેનું મુખ્ય કારણ વિશેષ કરીને હૃદય સંબંધિત બિમારીઓ સહિતના નોન-કમ્યુનિકેબલ બિમારીઓનું વધતુ ભારણ છે. ડો. ગોયલે જણાવ્યું હતું કે, દેશમાં ડાયાબિટીસ ધરાવતા લગભગ ૭૦ ટકા લોકોમાં બ્લડ શુગરનું સ્તર યોગ્ય રીતે નિયંત્રિત થતું નથી, જેના કારણે હૃદય રોગ, સ્ટ્રોક, કિડનીની બિમારી, આંખોની સમસ્યા અને ચેતાતંત્રને નુકશાન થવા જેવી લાંબાગાળાની સમસ્યાઓનું જોખમ વધી જાય છે. જ્યારે યુવાનોમાં ડાયાબિટીસની સમસ્યા સર્જાય ત્યારે તે તેમના પરિવાર અને સમાજ બંન્ને માટે ગંભીર ચિંતાનો વિષય બની જાય છે. તેના કારણે યુવાનો તેમની કારકિર્દી અને આકાંક્ષાઓ ઉપર ધ્યાન આપી શકતા નથી. આરોગ્ય સંબંધિત સમસ્યાઓને કારણે તેમના જીવનની ગુણવત્તા અને માનસિક સુખાકારી પ્રભાવિત થાય છે. તેમણે ઉમેર્યું હતું કે છેલ્લાં બે દાયકામાં ડાયાબિટીસના શરૂઆતી લક્ષણોમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે તથા નિદાનની સરેરાશ ઉંમર ૪૦થી ઘટીને ૩૦ વર્ષ થઈ છે. બેઠાડું જીવનશૈલી, પ્રોફેશનલ સ્ટ્રેસ, અપૂરતી ઊંઘ, વારંવાર ફાસ્ટફુડનું સેવન અને ઓછી શારીરિક પ્રવૃત્તિ તેના માટે કારણભૂત છે. કામના ભારણ, અનિયમિત દિનચર્યા અને આહારની ખોટી આદતો ડાયાબિટીસનું જોખમ વધારે છે. પાંચ વર્ષ માટે પણ અનિયંત્રિત ડાયાબિટીસ હૃદય રોગ, સ્ટ્રોક અને કિડની સંબંધિત સમસ્યાઓના જોખમમાં વધારો કરે છે. ડો. ગોયલે ભાર મૂક્યો હતો કે સમયસર નિદાન અને જીવનશૈલીમાં સામાન્ય બદલાવથી ડાયાબિટીસને રોકી શકાય છે અથવા તેને અસરકારક રીતે મેનેજ કરી શકાય છે. નિયમિત કસરત, સંતુલિત પોષણ, ૭-૮ કલાકની પૂરતી ઊંઘ, વજનની યોગ્ય જાળવણી અને હેલ્થ ચેક-અપ બ્લડ શુગરને મેનેજ કરવામાં અને લાંબાગાળાની સમસ્યાઓને રોકવામાં ઉપયોગી બની રહે છે. ડો. ગોયલના કહેવા મૂજબ ડાયાબિટીસ સામેની લડાઈ જાગૃકતા અને શિસ્તથી શરૂ થાય છે. જીવનશૈલીમાં નાના, પરંતુ સતત બદલાવથી લોકો ડાયાબિટીસની સમસ્યાને રોકી શકે છે તેમજ તંદુરસ્ત અને વધુ કાર્યક્ષમ જીવન વિતાવી શકે છે. ડાયાબિટીસનું મેનેજમેન્ટ દવાઓ સુધી સીમિત નથી, પરંતુ અર્થસભર જીવન અને સ્વાસ્થ્યની જવાબદારી લેવા વિશે પણ છે. દેશભરમાં ૧૪ નવેમ્બરને "વિશ્વ ડાયાબિટીસ દિવસ" ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે ગુજરાતના જિલ્લાઓ અને મહાનગરોનાં તમામ આયુષ્માન આરોગ્ય મંદિરોમાં રોગોની અટકાયત, નિયંત્રણ, વહેલાં નિદાન અને સારવારનાં વ્યવસ્થાપન અંગે નાગરીકોમાં જનજાગૃતી લાવવા આ દિવસે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે.

# ગાંધીનગર જિલ્લામાં ખનીજ ચોરોનો આતંક : મહિલા અધિકારી ઉપર હુમલો કરી ખનીજ ચોરો ડમ્પર છોડાવી ગયા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગર જિલ્લામાં ખનીજ ચોરોનો આતંક વધી રહ્યો છે. ત્યારે ભુસ્તર વિભાગના રોયલ્ટી ઈન્સ્પેકટર એવા મહિલા અધિકારી ઉપર હુમલો કરીને રેત માફીયા ડમ્પર છોડાવી ગયા હતા અને ત્યારબાદ તેમની કારને રેત માફીયાઓની બે મોંઘી કાર દ્વારા કોર્ડન કરી રાખવામાં આવી હતી, જે ઘટના સંદર્ભે કલોલ તાલુકા પોલીસ મથકે રેત માફીયાઓ વિરૂધ્ધ ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે.




મળતી માહિતી અનુસાર ગાંધીનગરમાંથી પસાર થતી નદીઓમાંથી રેતી ચોરીની પ્રવૃત્તિ દિન પ્રતિદિન વધી રહી છે. ત્યારે તેને અટકાવવા તથા ચોરીની રેતી પકડવા જતા ભુસ્તર વિભાગના અધિકારી / કર્મચારીઓ ઉપર રેત માફીયાઓ દ્વારા હુમલો કરવાની અસામાજિક પ્રવૃત્તિઓ વધી રહી છે. ત્યારે આવો જ એક બનાવ કલોલના છત્રાલ નજીક બનવા પામ્યો છે. જે અંગે પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ભુસ્તર વિભાગમાં રોયલ્ટી ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા દેવ્યાનીબા મહેન્દ્રસિંહ જાડેજા તેમની ટીમ સાથે ચેકીંગમાં નિકળ્યા હતા. તે દરમિયાન છત્રાલ નજીક એક ડમ્પર પકડયુ હતું. જેમાં સાદી રેતી હતી અને તે સંદર્ભે તપાસ કરતા રોયલ્ટી પાસ કે રેતીના કોઈ કાગળ ન હતા જેના પગલે તેમણે નિયમ મુજબ ૩.૨૩ લાખનો દંડ વસુલવાનો અને ડમ્પરને ગાંધીનગર કલેકટર કચેરી ખાતે લઈ જવાની કાર્યવાહી શરૂ કરી હતી. તે વખતે કલોલના આંબેડકર ઓવરબ્રીજ નજીક બાઈક ઉપર આવેલા ૩ શખ્સોએ ડમ્પર ઉભુ રખાવીને શેઠ સાથે વાત કરો તેવુ કહ્યુ હતુ આ જ સમયે એક શખ્સે મહિલા અધિકારી સહિત ટીમને ધમકાવી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ડમ્પર ભગાડી મુકવા કહ્યુ હતુ, ટીમે તેમનો પીછો શરૂ કર્યો ત્યારે ફીલ્મી ઢબે ડાર્ક ફીલ્મ ધરાવતી ફોર્ચ્યુનર અને સફેદ રંગની ક્રેટા મહિલા અધિકારીની સરકારી ગાડીની આગળ પાછળ આવી ગઈ હતી અને ડમ્પરને ભગાડી મુકવામાં મદદ કરી હતી. જો કે એક અન્ય કાર પણ આવી ગઈ હતી જેમાં સવાર શખ્સે સરકારી કારના કાચ ઉપર થપાટો મારીને ગાળો બોલી ત્યાંથી જતા રહેવા ધમકી આપી હતી. જેથી આ સંદર્ભે હાલ કલોલ તાલુકા પોલીસ મથકમાં ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે.

# રાજય સરકારના યુસીસી બનાવવાના નિર્ણયને હાઈકોર્ટ માં પડકારવામાં આવ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં યુનિફોર્મ સીવીલ કોડ (યુસીસી) નો અમલ કરવા માટે સરકાર સક્રિય બની છે અને તેના માટે સરકારે યુસીસી કમિટીની રચના કરી છે. આ કમિટીને સુરતના વેપારી વહાબ સોપારીવાલાએ પડકારી છે, વહાબ સોપારીવાલાએ અગાઉ પણ ગુજરાત હાઈકોર્ટમાં આ સામે અરજી કરી હતી કે પણ હાઈકોર્ટે તે અરજી ફગાવી દીધી હતી. હાઈકોર્ટે જણાવ્યુ હતુ કે રાજય સરકારે યુસીસી કમિટી તેની સત્તાની રૂએ



બંધારણના આર્ટીકલ ૧૬૨ હેઠળ બનાવેલી હોવાથી કોર્ટ તેમા કશુ કરી શકે નહી, હાઈકોર્ટના સીંગલ જજના આદેશને વહાબ સોપારીવાલાએ હાઈકોર્ટની ડીવીજન બેન્ચમાં પડકાર્યો હતો. તેમણે આ અંગે કરેલી અપીલમાં દલીલ કરી હતી કે કાયદાનો કોઈપણ ભાગ ખાલી હોય તો રાજય સરકાર એકઝીકયુટીવ પાવર યુઝ કરી શકે, પરંતુ કોઈપણ વિષય પર કાયદો હોય તો સરકારે તેનુ પાલન કરવુ પડે, આ વિષય પર કમિશન ઓફ ઈન્કવાયરી એકટ ૧૯૫૨ અમલમાં હોવાથી સરકાર કમિટી બનાવી શકે નહી, આ ઉપરાંત વકીલ જમીર શેખની દલીલ હતી કે કમિટીમાં સરકારે મુકેલા સભ્યો પણ સરકારના જ માણસો છે તેમાં કોઈપણ સભ્ય ખ્રિસ્તી, બૌદ્ધ, જૈન, શીખ કે મુસ્લીમ નથી, જે પર્સનલ કાયદાનો જાણકાર હોય, વધુમાં કમિટી બનાવવા માટે સરકારે કોઈ લેખિત આદેશ પણ પસાર કર્યો નથી, સરકારનો સામાન્ય નિર્ણય પણ લેખિતમાં હોય છે પરંતુ યુસીસી બનાવવાનો સરકારનો જે નિર્ણય છે તે લેખિતમાં નથી, તેથી આ બાબત પણ શંકા પેદા કરે છે,

# બહુરૂપીયા સાધુ તમારા આંગણે આવે તો તેને ઓળખજો : પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં સુરત જિલ્લાના માંગરોળ ખાતે ભગવાન બિરસામુંડાજીની ૧૫૦ મી જન્મજયંતિ નિમિત્તે જનજાતિય ગૌરવયાત્રા યોજાઈ હતી. આ કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષ ગૌરવયાત્રામાં આદિવાસી સમાજના ભાઈઓ – બહેનો સાથે ચાલતા ચાલતા યાત્રામાં જોડાયા હતા. ગૌરવયાત્રામાં પ્રદેશ પ્રમુખે જય જોહાર ના નાદ સાથે સંબોધન કરતા જણાવ્યુ હતુ કે આજે ખુબ મોટી સંખ્યામાં આદિવાસી સમાજના ભાઈઓ બહેનો ગૌરવયાત્રામા જોડાયા છે. ભગવાન બિરસામુંડાજીની ૧૫૦ મી જન્મજયંતિ નિમિત્તે દેશભરમાં ગૌરવયાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ છે. દેશના વડાપ્રધાન ૧૫ મી તારીખે આપણી સાથે ગૌરવયાત્રાના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાના છે. ગૌરવયાત્રા અંબાજીથી ઉંમરગામ યોજાઈ રહી છે. ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે અંબાજીથી ગૌરવયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. ૨ રથ ૧૪ જિલ્લા અને ૫૬ તાલુકાના આદિવાસી વિસ્તારમાં યાત્રા




પરીભ્રમણ કરશે, ૧૫ તારીખે દેશના વડાપ્રધાન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાના છે. પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ જણાવ્યુ હતુ કે ભગવાન બિરસામુંડાજીએ માત્ર ૨૫ વરસની ઉંમરે અંગ્રેજોને આપણી ધરતી પરથી ખદેડવામાં સફળ રહ્યા હતા, આપણા દેશને આઝાદ કરવામાં દેશના વડીલોએ કેટકેટલો સંઘર્ષ કર્યો છે, આદિવાસી સમાજના વડવાઓએ આજે પણ આદિવાસી વારસો જીવંત રાખવાનુ કામ કર્યુ છે. આખા દેશમાં ભગવાન બિરસામુંડાજીનો ગૌરવ દિવસ ઉજવવાનો સંકલ્પ આપણને આદરણીય વડાપ્રધાન સાહેબે આપ્યો છે તે બદલ તેમનો આભાર વ્યકત કરીએ, આજે ગૌરવયાત્રામાં યુવાનો, મહિલાઓ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. ગૌરવ યાત્રામાં રાજય સરકાર તરફથી સેવા સેતુ કેમ્પની વ્યવસ્થા કરીને કોઈપણ વ્યકિત સરકારની યોજનાથી વંચિત ન રહે તેનુ ધ્યાન રાખવામાં આવ્યુ છે. આદિવાસી સમાજના વડવાઓ અને સમાજનુ પારંપરિક ભોજનની પ્રદર્શિની યોજવામાં આવી છે. જેથી આજની યુવા પેઢી જાણે કે આદિવાસી સમાજના ભાઈ બહેનો વરસો પહેલા શું જમતા હતા, આજે હું અને મારી ટીમ આદિવાસી સમાજના ભાઈના ઘરે રોટલા જમવાનુ આયોજન કર્યુ છે, વિશ્વકર્માએ વધુમાં જણાવ્યુ હતુ કે ખ્રિસ્તીઓની મનોજાળમાં ન ફસાવ તેની તકેદારી રાખજો, જેટલા ધર્મ છે તેમાં સૌથી સારો ધર્મ આપણો છે, આપણે સૌએ આપણા પુર્વજો પર અતુટ શ્રધ્ધા રાખવી જોઈએ, ધર્મ સંસ્કૃતિ અને પરંપરાને ભુલવાથી આપણા સમાજની ઓળખ ભુલાઈ જશે. જયાં સુધી ધરતી અને આકાશ રહે ત્યાં સુધી આ પરંપરા ન ભુલાય તેની ચિંતા ભાજપની સરકાર કરી રહી છે. આદિવાસી સમાજની અંદર નિર્દોષતા છે, કોઈના માટે કટુતા હોતી નથી, અત્યારે ૧૪ જિલ્લાની અંદર ૫૬ તાલુકામાં સાધુના વેશમાં બહુરૂપીયા ફરી રહયા છે. મારા આદિવાસી સમાજના ભાઈ બહેનો ભોળા છે, નિર્દોષ છે એટલે બહુરૂપીયા સાધુ તમારા આંગણે આવે તેને ઓળખજો અને કહેજો કે અમારી જોડે ભગવાન બિરસામુંડા છે. અમારી જોડે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અમારી જોડે છે. બહુરૂપીયા સાધુઓને જાકારો આપજો, ભગવાન બિરસામુંડાજીને આઝાદીના ૭૫ વરસ પછી સૌથી મોટુ સન્માન કોઈએ આપ્યુ હોય તો તે આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબે આપ્યુ છે. આદિવાસી સમાજના યુવાનો ઉચ્ચ અને સારૂ શિક્ષણ પ્રાપ્ત કરી શકે તેની ચિંતા આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબે કરી છે. આપણા વારસાને સાચવવાનુ કામ ભારતીય જનતા પાર્ટી કરી રહી છે.

# રાજયની સરકારી-બિન સરકારી માધ્યમિક શાળાઓમાં દિવ્યાંગ ઉમેદવારો માટે શિક્ષણ સહાયકની ભરતી

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયની સરકારી અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં દિવ્યાંગ ઉમેદવારો માટે શિક્ષણ સહાયકની ખાસ ભરતી ઝુંબેશ ૨૦૨૫ હાથ ધરવામાં આવી છે. રાજયની સરકારી અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી અંતર્ગત દિવ્યાંગ ઉમેદવારો માટેની ખાસ ભરતી ઝુંબેશ ૨૦૨૫ અન્વયે તારીખ



૧/૩/૨૦૨૫ ના રોજ વર્તમાન પત્રોમાં જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલી હતી. સદર જાહેરાત મુજબ નિયત લાયકાત ધરાવતા દ્વિસ્તરીય ટાટ (સેકન્ડરી) ૨૦૨૩ પરીક્ષા પાસ હોય તેવા ફકત દિવ્યાંગ ઉમેદવારો તારીખ ૧૨/૧૧/૨૦૨૫ થી તારીખ ૨૫/૧૧/૨૦૨૫ ના રોજ ૧૨ વાગ્યા સુધી **https://gserc.in/** વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરી શકશે જેની ખાસ નોંધ લેવા ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક સ્ટાફ ભરતી માટેની પસંદગી સમિતિની યાદીમા જણાવાયુ છે.

# સાબરકાંઠા જિલ્લામાં મતદાર યાદીના ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત ખાસ કેમ્પનુ આયોજન

## તા.૧૫, ૧૬, ૨૨ અને ૨૩ નવેમ્બર ૨૦૨૫ ના રોજ ખાસ કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ છે : મતદારો બીએલઓના ફોનથી સંપર્ક કરવા માટે voters.eci.gov.in પરથી book a call with blo વિકલ્પનો ઉપયોગ કરી શકશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ભારતના ચુંટણીપંચ નવી દિલ્હી દ્વારા ગુજરાત રાજયમાં તારીખ ૧/૧/૨૬ ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદાર યાદીનો ખાસ સઘન સુધારણા કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જે કાર્યક્રમ અંતર્ગત તારીખ ૪/૧૧/૨૦૨૫ થી તારીખ ૪/૧૨/૨૦૨૫ સુધીનો સમયગાળો ગણતરીનો તબકકો નકકી કરવામાં આવ્યો છે. જે અંતર્ગત આગામી તારીખ ૧૫,૧૬, ૨૨ અને ૨૩ નવેમ્બર ૨૦૨૫ ના રોજ ખાસ કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ છે.

આ દિવસોએ સવારે ૯ થી બપોરે ૧ કલાક સુધી બુથ લેવલ અધિકારીઓ (બીએલઓ) તેઓના મતદાન મથકો ખાતે હાજર રહેશે, આ સમય દરમિયાન બાકી રહેલા મતદારો બીએલઓની મદદથી મેપીંગ / લીકીંગ કરાવી શકશે. તેમજ જે મતદારોનુ નામ અથવા તેમના માતા પિતા / દાદા દાદીનુ નામ વર્ષ ૨૦૦૨ ની મતદાર યાદીમાં ન હોય, તેવા કિસ્સામાં કયા પુરાવા રજુ કરવા તે અંગે બીએલઓ દ્વારા યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે. વધુમાં મતદારો બીએલઓ નો ફોન થી સંપર્ક કરવા માટે **voters.eci.gov.in** પરથી **book a call with blo** વિકલ્પનો ઉપયોગ કરી શકશે તેવુ જિલ્લા ચુંટણી અધિકારી સાબરકાંઠાની એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.

## ખેડુતોને પ્રતિ હેકટર રૂ.૧૨૫૦૦ અને વધુમાં વધુ રૂ.૬૫ હજારની મર્યાદામાં વ્યાજમુકત લોન મળશે

# રાજકોટ ડીસ્ટ્રીકટ બેંકના ચેરમેન જયેશ રાદડીયાએ ખેડુતો માટે કરી મોટી જાહેરાત : ૨ લાખથી વધુ ખેડુતોને વગર વ્યાજે કૃષિ લોન મળશે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

રાજકોટ ડીસ્ટ્રીકટ બેંકના ચેરમેન જયેશ રાદડીયાએ રાજકોટ અને મોરબી જિલ્લાના ખેડુતોના હિતમાં એક મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. બેંક દ્વારા મંડળીઓ સાથે જોડાયેલા ૨ લાખથી વધુ ખેડુતોને વગર વ્યાજે કૃષિ લોન આપવામાં આવશે. આ યોજના હેઠળ ખેડુતોને પ્રતિહેકટર રૂપીયા ૧૨૫૦૦ અને વધુમાં વધુ રૂપીયા ૬૫ હજારની મર્યાદામાં વ્યાજમુકત ધિરાણ ઉપલબ્ધ થશે. જે ખાસ કરીને રવિ પાક માટે ખુબ જ લાભદાયી સાબિત થશે, લોન મેળવવાની પ્રક્રિયા મંડળી મારફતે સરળ રાખવામાં આવી છે અને ખેડુતોને વધુ દસ્તાવેજોની જરૂર રહેશે નહી,



રાજકોટ ડીસ્ટ્રીકટ બેંકના ચેરમેન જયેશ રાદડીયાએ રાજકોટ અને મોરબી જિલ્લાના ખેડુતો માટે એક મોટો અને રાહતરૂપ નિર્ણય જાહેર કર્યો છે. તેમણે કૃષિ લોન માટે એક ખાસ જાહેરાત કરતા જણાવ્યુ હતુ કે બેંક હવે મંડળીઓ સાથે જોડાયેલા ખેડુતોને વગર વ્યાજે ધિરાણ પુરૂ પાડશે આ નિર્ણયથી રાજકોટ અને મોરબી જિલ્લાના ૨ લાખથી વધુ ખેડુતોને સીધો અને મોટો ફાયદો થશે. બેંક દ્વારા જાહેર કરાયેલા કૃષિ ધિરાણના ધોરણો ખુબ જ સ્પષ્ટ છે.જે ખેડુતોને તેમની ખેતીની જરૂરીયાત પુરી કરવામાં મદદરૂપ થશે. આ યોજના હેઠળ ખેડુતોને પ્રતિહેકટર રૂપીયા ૧૨૫૦૦ ની વગર વ્યાજે લોન આપવામાં આવશે. મહત્તમ મર્યાદા વધુમાં વધુ રૂપીયા ૬૫ હજારની મર્યાદામાં વ્યાજમુકત લોન ઉપલબ્ધ થશે. આ લોન ખાસ કરીને ખેડુતોના રવિ પાક માટે ખુબ જ લાભદાયક સાબિત થશે. જયારે ખેડુતોને બિયારણ, ખાતર અને અન્ય ખેતીના ખર્ચ માટે નાણાંકીય સહાયની તાત્કાલીક જરૂર હોય છે. જયેશ રાદડીયાએ સ્પષ્ટતા કરી હતી કે વ્યાજમુકત ધિરાણ મેળવવા માટે ખેડુતોએ બેંકની સામાન્ય ધિરાણ પ્રક્રિયાનુ પાલન કરવાનુ રહેશે. જો કે આ પ્રક્રિયાને મંડળીઓ મારફત કરવાની રહેશે, જેના કારણે ખેડુતો માટે ધિરાણ મેળવવુ વધુ સરળ બનશે. મહત્વપૂર્ણ વાત એ છે કે આ લોન માટે ખેડુતોને વધુ દસ્તાવેજોની જરૂર રહેશે નહી. જેનાથી ગ્રામ્ય સ્તરના ખેડુતોને બિનજરૂરી કાગળની કાર્યવાહીમાંથી મુકિત મળશે અને ઝડપથી ધિરાણ મળી શકશે. આ નિર્ણય બેંકની ખેડુતલક્ષી નીતિ અને ગ્રામીણ અર્થતંત્રને મજબુત કરવાના તેના પ્રયાસોને દર્શાવે છે.

# કોંગ્રેસના વોટ ચોર-ગાદી છોડ સહી ઝુંબેશ તથા મિસ્ડકોલ અભિયાન હાથ ધરાયું

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા વોટ ચોર ગાદી છોડ મારો મત મારો અધિકાર સહી ઝુંબેશ અને મિસ્ડકોલ અભિયાન દ્વારા સમગ્ર ગુજરાતમાં જન જન સુધી પહોચીને મતદાતાઓને સંવિધાનિક અધિકાર અંગે જાગૃત કરવામાં આવ્યા હતા. સંગઠન પ્રભારી અને એઆઈસીસી ના મહામંત્રી મુકુલ વાસનિક, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા, વિધાનસભા કોંગ્રેસના પક્ષના નેતા ડો. તુષારભાઈ ચૌધરીની પ્રેરક ઉપસ્થિતિમાં કોંગ્રેસના કાર્યકર્તાઓએ સમગ્ર ગુજરાતના નાગરીકો પાસે સમર્થનમાં મેળવેલ સહી રૂપી ફોર્મ વાહન દ્વારા કોંગ્રેસના મુખ્ય કાર્યાલય દિલ્હી ખાતે ફલેગ ઓફ કરીને રવાના કરવામાં આવ્યુ હતું.



સંગઠન પ્રભારી અને એઆઈસીસી ના મહામંત્રી મુકુલ વાસનિકે જણાવ્યુ હતુ કે ગુજરાત પ્રદેશ કોગ્રેસ સમિતિ દ્વારા તારીખ ૩ ઓકટોબર થી લઈને ૧૦ ઓકટોબર સુધી વોટ ચોર ગાદી છોડ મારો મત મારો અધિકાર સહી ઝુંબેશ અને મિસ્ડકોલ અભિયાન દ્વારા સમગ્ર ગુજરાતમાં જન જન સુધી પહોચીને મતદાતાઓને સંવિધાનિક અધિકાર અંગે જાગૃત કરવા જાહેર જનતાને તેમના સંવિધાનિક અધિકારો અને કઈ રીતે વોટ ચોરી થાય છે તે બાબતે માહિતગાર કરવામાં આવ્યા હતા અને સમગ્ર ગુજરાતના નાગરીકોનો અભુતપૂર્વ પ્રતિસાદ આપેલ છે. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યુ હતુ કે જે રાહુલજીના નેતૃત્વમાં આખા દેશમાં વોટ ચોરીનુ જે ષડયંત્ર ચાલતુ હતુ તેને સાબિતી સાથે ખુલ્લુ પાડવામાં આવ્યુ છે. જે રીતે ભાજપ સરકારમાં બેઠેલા લોકો ચુંટણીપંચનો દુરુપયોગ કરી અને વોટ ચોરી કરીને ચુંટણીઓ જીતી રહ્યા છે એની સામે આખા દેશમાં લોકો રસ્તા પર ઉતરીને આક્રોશ વ્યકત કરી રહ્યા છે. લોકશાહી વ્યવસ્થામાં આપણને સૌને એટલે કે દરેક ભારતીયને સંવિધાને મતનો અધિકાર આપ્યો છે. દેશના બંધારણે સમાનતાના અધિકારના ભાગ સ્વરૂપ એક વ્યકિત એક વોટ નો અધિકાર આપેલો છે.

દેશના વડાપ્રધાન હોય કે રાષ્ટ્રપતિ હોય કે પછી સામાન્ય નાગરીક હોય તે દરેકના મતની કિંમત સમાન છે, દેશના લોકો ના બંધારણના અધિકાર છીનવવા માટે પારંગત એવી ભારતીય જનતા પાર્ટીની સરકાર અને એના શાસનમાં જે ચુંટણીપંચ સ્વાયત છે જેની પાસે આ દેશના લોકો પ્રમાણિકતા અને નિષ્પક્ષતાની અપેક્ષા રાખે છે એ ચુંટણીપંચે આજે ભારતીય જનતા પાર્ટીની કઠપુતળી બની ગઈ છે. વોટ ચોરીથી લોકોના અધિકારોતો છીનવાઈ રહ્યા જ છે પરંતુ તેમની ઓળખ પણ છીનવાઈ રહી છે. વોટ ચોર ગાદી છોડ સહી ઝુંબેશ તથા મિસ્ડકોલ અભિયાનને ગુજરાતભરમાં પ્રચંડ પ્રતિસાદ મળેલ છે. મિસ્ડકોલ અભિયાન દ્વારા આજદીન સુધીના ડેટા પ્રમાણે ૭.૫૦ લાખ નાગરીકોએ પોતાનુ સમર્થન જાહેર કર્યુ છે. સાથે સાથે સહી ઝુંબેશ દ્વારા કોંગ્રેસના કાર્યકર્તાઓએ સમગ્ર ગુજરાતના નાગરીકો પાસે લાખોની સંખ્યામાં સમર્થન માં મેળવેલ સહી કરેલ છે. તે બદલ પ્રદેશ કોંગ્રેસ સમગ્ર ગુજરાતની જાગૃત જનતાનો આભાર માને છે. ગુજરાત સહિત દેશના સમગ્ર રાજયોમાંથી ૫ કરોડથી વધારે સમર્થન રૂપી લોકશાહી બચાવવા ચુંટણીપંચ તથા મહામહીમ રાષ્ટ્રપતિ પાસે કોંગ્રેસનુ શીર્ષ નેતૃત્વ જઈ અને લોકશાહી બચાવવાની લડાઈરૂપે આ સહીઓ તેમને સુપ્રત કરવામાં આવશે. દેશમાં લોકશાહી બચાવવા માટે અને સંવિધાનોની રક્ષા માટે કોંગ્રેસનો એક એક કાર્યકર વોટ રક્ષક બનીને પોતાની ફરજ બજાવવા કટીબધ્ધ છે.

વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા તુષાર ચૌધરીએ જણાવ્યુ હતુ કે દેશમાં લોકશાહી ખતમ થઈ જાય તેવા સંજોગો ઉભા થયા છે. વોટ ચોરીથી ચુંટણીઓ જીતી જવાય છે. એટલા માટે ગુજરાત હોય કે દેશની સરકાર હોય પ્રજા એક બાજુ મોંઘવારીથી પરેશાન છે, યુવાઓને રોજગારી નથી મળતી,ખેડુતો આર્થિક રીતે પાયમાલ છે, વેપારીઓના ધંધા વેપાર ચોપટ થઈ ગયા છે. ગરીબ સામાન્ય માણસને કોઈપણ અધિકાર કે ન્યાય નથી મળતો, બધાજ વર્ગ વિસ્તારના લોકો પરેશાન છે, પણ સરકાર બિંદાસ છે. કારણ કે સરકારને ખબર છે કે ભલે લોકો ગમે તેટલા નારાજ હોય પણ ચુંટણીઓ આવશે એટલે અમે વોટ ચોરી કરીશુ, ચુંટણીઓ આવશે એટલે અમે ચુંટણીપંચને સાથે રાખીને અમે વોટ ચોરી કરી ચુંટણીઓ જીતી જઈશુ, ભલે લોકો ખાડામાં પડે, ભલે લોકોને મોંઘવારીનો માર સહન કરવો પડે, ભલે પેપર ફુટે, ભલે યુવાનોની નોકરીઓ ન મળે, કર્મચારીઓ આંદોલન કરે, કામદારો પરેશાન હોય પણ સરકારને કોઈની ચિંતા નથી. કારણ કે સરકારમાં બેઠેલા લોકો આ વોટ ચોરી સાથે સીધા સંડોવાયેલા છે.

# વડોદરાના નિવૃત્ત બેંક કર્મચારી પાસે ઈન્વેસ્ટમેન્ટના નામે ૩૦ લાખ ઠગી લીધા

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

ઓનલાઈન ઠગાઈ કરતી ટોળકી કાળો કેર વર્તાવી રહી છે અને લોકો પણ તેમાં આસાનીથી ફસાઈ રહ્યા છે. વડોદરાના એક નિવૃત્ત બેંક કર્મચારી પણ આ ટોળકીનો ભોગ બન્યા છે અને ૩૦ લાખ ગુમાવવાનો વખત આવ્યો છે.

માંજલપુરની સંધ્યા સોસાયટીમાં રહેતા નિવૃત્ત બેંક કર્મચારી દિનેશભાઈ જોષીએ પોલીસને કહ્યું છે કે, ગઈતા ૧૬મીએ નુવામા વેલ્થ કંપનીના ઈન્વેસ્ટમેન્ટ આસિસ્ટન્ટના નામે મેસેજ આવ્યો હતો. કંગના શર્માના નામે વાત કરતી વ્યક્તિએ કહેવતો કે બ્લોક ટ્રેડિંગ અને ક્વાર્ટર પ્રોફિટ પ્લાનિંગમાં તેઓ કામ કરે છે. કંગના શર્માના નામે વાત કરતી વ્યક્તિએ મારી પર્સનલ ડીટલ મેળવી હતી અને પાંચ લાખ સુધીના ઈન્વેસ્ટમેન્ટ ઉપર રોજ ૧૦ થી ૧૫ ટકા સુધી રિટર્ન મળશે તેવી વાત કરી હતી. જેથી મેં ૩૦ લાખ સુધીની રકમ ઈન્વેસ્ટ કરવા માટે તૈયારી બતાવી આ રકમ ટ્રાન્સફર કરી હતી. ઠગ ટોળકીએ વિશ્વાસમાં લેવા માટે સેબીનું સર્ટિફિકેટ પણ મોકલ્યું હતું. જેમાં તેમની કંપની ૫૦ કરોડ સુધીની રકમ એકાઉન્ટમાં લઈ શકે છે તેમ દર્શાવાયું હતું. મારી પાસે વરુણ બેવરેજિસના શેર લેવડાવવામાં આવ્યા હતા. મારે એકાઉન્ટમાં ૩૬.૯૬ લાખનું બેલેન્સ દેખાતું હતું. મને વિશ્વાસમાં લેવા રૂપિયા ટ્રાન્સફર કરવાનો પ્રોસિઝર બતાવી એક હજાર રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. ઈન્વેસ્ટરે પોલીસને કહ્યું છે કે, ત્યારબાદ મને કહેવામાં આવ્યું હતું કે તમારો આઈપીઓ લાગ્યો છે અને તેની ૧.૨૬ કરોડની રકમ તમારા ખાતામાં જમા કરી છે. જે રકમ પરત મેળવવા માટે ૮૯ લાખ જમા કરવા કહેવાયું હતું. જેથી મને શંકા જતા સાયબર સેલને જાણ કરી હતી.

# અમદાવાદમાં ભરબપોરે રૂ.૧૮ લાખની સનસનીખેજ લૂંટ સર્જાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા વંદે માતરમ પાર્ટી પ્લોટ પાસે બુધવારે બપોરે એક સનસનાટીભરી લૂંટનો બનાવ બન્યો છે. અજાણ્યા શખ્સો રૂ.૧૮ લાખ રોકડા લૂંટીને ફરાર થઈ ગયા હતા. ધોળે-દહાડે બનેલી આ ઘટનાને પગલે શહેરમાં ચકચાર મચી ગઈ છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ ઘટના પાર્ટી પ્લોટની બાજુમાં આવેલા વોટર ડિસ્ટ્રીબ્યુશન સેન્ટર પાસે બની હતી.

સ્ટીલ-લોખંડના બ્રોકર પાસેથી ફરિયાદી સ્ટીલ-લોખંડની દલાલીનો ધંધો કરે છે, તેઓ સીજી રોડ પરથી પોતાના ધંધાના નાણાંની ઉઘરાણી કરીને પરત ફરી રહ્યા હતા. તેમણે આ રોકડ રકમ પોતાની કારની ડિકીમાં મૂકી હતી. જ્યારે તેઓ વંદે માતરમ વિસ્તારમાં પહોંચ્યા, ત્યારે એક બાઈકસવારે તેમની કારને આંતરી હતી અને તેમની સાથે તકરાર શરૂ કરી હતી. આ ઝઘડા દરમિયાન, બાઈકસવારે કથિત રીતે કારની ચાવી ઝૂંટવી લીધી અને તેને રસ્તા પર આગળ ફેંકી દીધી.